

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

[ શિલાન્યાસપ્રસંગે, તા. ૬–૫–૮૧, સોનગઢ ]

જૂન ૧૯૮૧ [ ૪૫૨ ] * આત્મધર્મ * અંક : ૧૨ વર્ષ : ૩૭

# વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણપ્રસંગ

[ ભગવાન નેમિનાથના પિતામહ અંધકવૃષ્ટિનો ભૂતકાળ ]

## * દેવદ્રવ્યની ઉચાપતનું ફળ *

ઇસી જમ્બૂદ્વીપકી અયોધ્યા નગરીમેં અનંતવીર્ય નામકા રાજા રહતા થા. ઉસી નગરીમેં કુબેર કે સમાન સુરેન્દ્રદત્ત નામકા શેઠ રહતા થા. વહ શેઠ પ્રતિદિન દશ દીનારોંસે, અષ્ટમીકો સોલહ દીનારોંસે, અમાવસકો ચાલીસ દીનારોંસે ઔર ચતુર્દશીકો અસ્સી દીનારોંસે અર્હન્ત ભગવાનકી પૂજા કરતા થા. વહ ઈસ તરહ ખર્ચ કરતા થા, પાત્ર દાન દેતા થા, શીલ પાલન કરતા થા ઔર ઉપવાસ કરતા થા. ઇન્હીં સબ કારણોંસે પાપરહિત ઉસ શેઠને 'ધર્મશીલ' ઇસ તરહ કી પ્રસિદ્ધિ પ્રાપ્ત કી થી. કિસી એક દિન ઉસ શેઠને જલમાર્ગસે જાકર ધન કમાનેકી ઇચ્છા કી. ઉસને બારહ વર્ષ તક લોટ આનેકા વિચાર કિયા થા ઈસલીયે બારહ વર્ષ તક ભગવાન કી પૂજા કરને કે લિયે જિતના ધન આવશ્યક થા ઉતના ધન ઉસને અપને મિત્ર રુદ્રદત બ્રાહ્મણ કે હાથમેં સૌંપ દિયા ઔર કહ દિયા કિ ઈસસે તુમ જિનપૂજા આદિ કાર્ય કરતે રહના ક્યોંકિ આપ મેરે હી સમાન હૈં. શેઠ કે ચલે જાને પર રુદ્રદત બ્રાહ્મણને વહ સમસ્ત ધન પરસ્ત્રીસેવન તથા જુઆ આદિ વ્યસનોંકે દ્વારા કુછ હી દિનોમેં ખર્ચ કર ડાલા. તદનંતર વહ ચોરી આદિમેં આસક્ત હો ગયા. શ્યેનક નામક કોટવાલને ઉસે ચોરી કરતે હુએ એક રાતમેં દેખ લિયા. દેખકર કોટવાલને કહા કિ ચૂંકિ તૂં બ્રાહ્મણ નામકો ધારણ કરતા હૈં, અતઃ મૈં તુજે મારતા નહીં હૂં, તૂં ઈસ નગરસે ચલા જા, યદિ અબ ફિર કભી એસા દુષ્કર્મ કરતા હુઆ દિખેગા તો અવશ્ય હી મેરે દ્વારા યમરાજકે મુખમેં ભેજ દિયા જાયેગા,–મારા જાયેગા. યહ કહકર કોટવાલને ઉસે ડાંટા. રુદ્રદત ભી વહાંસે નિકલકર ઉલ્કામુખી પર રહનેવાલે ભીલોં કે સ્વામી પાપી કાલકસે જા મિલા. વહ રુદ્રદત કિસી સમય અયોધ્યાનગરીમેં ગાયોંકે સમૂહકા અપહરણ કરને કે લીયે આયા થા ઉસી સમય શ્યેનક કોટવાલકે દ્વારા મારા જાકર વહ ( દેવદ્રવ્ય ચોરી આદિ ) મહાપાપક કારણ અધોગતિમેં ( સપ્તમ નરક ) ગયા. વહાંસે નિકલકર મહામચ્છ હુઆ. ફિર નરક ગયા, વહાંસે આકર સિંહ હુઆ. ફિર નરક ગયા. વહાંસે આકર દૃષ્ટિવિષ નામકા સર્પ હુઆ, ફિર નરક ગયા, વહાંસે આકર શાર્દૂલ હુઆ ફિર નરક ગયા. વહાંસે આકર ગરુડ હુઆ, ફિર નરક ગયા, વહાંસે આકર સર્પ હુઆ ફિર નરક ગયા ઔર વહાંસે આકર ભીલ હુઆ. ઈસ પ્રકાર સમસ્ત નરકોમેં જાકર વહાંસે બડે કષ્ટસે નિકલા ઔર ત્રસ સ્થાવર યોનિયોમેં ચિરકાલ તક ભ્રમણ કરતા રહા.

[ અનુસંધાન પાનું ૧૦ ]

વાર્ષિક
લવાજમ
નવ રૂપિયા
વર્ષ ૩૭
અંક ૧૨
[ ૨૫૨ ]

વીર
સંવત
૨૫૦૭
A.D. 1981
JUNE




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

શ્રીગુરુનો સદુપદેશ :

# શુદ્ધાત્માનું ચિંતન કર

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૭-૬-૬૬ ]

આ યોગસાર ચાલે છે. યોગીન્દ્રદેવ દિગંબર આચાર્ય થયા. તેમણે આત્માના સ્વભાવનો વેપાર કેમ કરવો? અને એ કેમ ભૂલ્યો છે તે અહીં કહ્યું છે. પણ કોના માટે કહ્યું છે? કે જે ચાર ગતિના ભવના ભયથી દુઃખી થયો હોય, ચાર ગતિના દુઃખનો ડર લાગ્યો હોય અને જેને મોક્ષની અભિલાષા હોય તેને માટે આ યોગસાર કહે છે—એમ પહેલી શરત મૂકી છે.

જીવ, કાળ, સંસાર આ, કહ્યા અનાદિ અનંત;
મિથ્યામતિ મોહે દુઃખી, કદી ન સુખ લહંત. ૪.

કાળ અનાદિનો છે. વર્તમાન, ભૂત ને ભવિષ્ય એમ કાળ અનાદિનો ચાલ્યો આવે છે. જીવો અનાદિ છે. સંસારમાં રખડનારા જીવો પણ અનાદિથી છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક-ચાર ગતિમાં રખડનારા દુઃખી-દુઃખી જીવો અનાદિથી છે. એક જરીક પ્રતિકૂળતા આવે ત્યાં દુઃખી દુઃખી થઈ જાય ને જરીક અનુકૂળતા આવે ત્યાં હરખના સડકા માને!—એ બધા દુઃખી દુઃખી છે. કાળ પણ અનાદિનો ને જીવ પણ અનાદિથી છે. સંસારી જીવની અશુદ્ધતા પણ અનાદિની છે. આત્મા અનાદિનો છે અને તેની મલિન પર્યાય પણ અનાદિની છે. શેરડીમાં રસ ને કૂચો ભેગા જ છે, પહેલા-પછી નથી; ખાણમાં સોનું ને પથ્થર પહેલેથી જ બન્ને સાથે છે. પહેલાં સોનું હતું ને પછી પથ્થર ભેગો થયો—એમ નથી; દૂધમાં દૂધ ને પાણી હોવામાં સાથે જ હોય છે; તલમાં તેલ ને ખોળ

બન્ને પહેલેથી જ ભેગા છે અને જુદા પાડે તો પાડી શકે એમ છે. ચકમકમાં અગ્નિ અને ચકમક અનાદિના છે. તેમ આત્મા શુદ્ધ દ્રવ્ય તરીકે અનાદિ છે ને સંસારમાં અશુદ્ધ દશા અનાદિથી છે.

દ્રવ્ય ધ્રુવ તરીકે અનાદિ છે ને તેની મલિન પર્યાય અનાદિની છે. પહેલાં નિર્મળ પર્યાય હતી ને પછી મલિન થઈ એમ છે નહીં. ચણાની કાચાપણાની અવસ્થા પહેલેથી જ છે. એમ આત્મા વસ્તુએ તો શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે છતાં તેને પર્યાયમાં મલિનતા કેમ આવી?—એની કેટલાકને શંકા છે. કર્મને લઈને મલિનતા આવી–એમ પણ નથી. જીવ અનાદિ છે ને તેની સંસારી મલિનદશા પણ અનાદિની છે. જો મલિનતા ન હોય તો તેને આનંદનો અનુભવ હોવો જોઈએ! અને જો મલિનતા ન હોય તો તેને ટાળવા પુરુષાર્થ કરવો, સાચી શ્રદ્ધા કરવી ઇત્યાદિ કાંઈ રહેતું જ નથી! સાચું સમજવું એ કાંઈ રહેતું નથી! તેથી સંસારી જીવ અનાદિ છે ને મલિનતા પણ અનાદિની છે.

ભવસાગર પણ અનાદિનો છે. ૮૪ લાખ યોનિના અવતાર પણ અનાદિના છે. આ કોઈ પહેલો અવતાર છે એમ છે નહીં. નરકમાં અનંતવાર ગયો, સ્વર્ગમાં અનંતવાર ગયો, નિગોદમાં અનંતા ભવ કર્યા, ઢોરમાં અનંતવાર ગયો, માણસ અનંતવાર થયો—એ ભવસાગર મોટો ઊંડો અનાદિનો છે. કાળ અનાદિ, ભગવાન ભૂલેલો અનાદિ ને ભવસાગર અનાદિ છે.

અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા. પોતે જ પોતાને અનાદિથી ભૂલેલો છે; કેમ કે તેની દૃષ્ટિ ઇન્દ્રિય ઉપર છે, અંદર ભગવાન અતીન્દ્રિય કોણ છે એની એને ખબર નથી, એનુ માહાત્મ્ય નથી એટલે કર્મજન્ય ઉપાધિના લક્ષે તેના અસ્તિત્વમાં પોતાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. સ્વયં અખંડ આનંદકંદ સ્વસત્તાની અંતરમુખ દૃષ્ટિ નથી ને બહિર્મુખ દૃષ્ટિમાં ઇન્દ્રિયો, અલ્પજ્ઞતા, રાગ-દ્વેષનું અસ્તિત્વ દેખાય છે; તે સંસાર છે.

## * મિથ્યાશ્રદ્ધાને લઈને મોહિત થયો થકો ભવસાગરમાં રખડે છે *

ભવસાગર અનાદિ છે; અનાદિ-અનંત છે એમ નહીં પણ ભવસાગર અનાદિ છે. કાળ અનાદિ, જીવ અનાદિ ને ભવસાગર પણ અનાદિ છે. હવે એ ભવસાગરનું રખડવું છે કેમ? —એ સિદ્ધાંત સિદ્ધ કરે છે. મિથ્યા શ્રદ્ધાને લઈને મોહિત થયો થકો ભવસાગરમાં રખડે છે, કર્મને લઈને રખડે છે એમ નહીં–એ સિદ્ધાંત છે. ભગવાન આત્માના આનંદ સ્વભાવને ભૂલેલો ને પુણ્ય–પાપના ભાવ, શરીર આદિની જે ક્રિયા એનું અસ્તિત્વ ભાળે છે ને અંદરમાં પૂરણ અસ્તિત્વ છે તેની તેને ખબર નથી; ખબર નથી એનું નામ જ અજ્ઞાન મિથ્યાત્વ છે. એવા મિથ્યાત્વથી અનાદિ કાળથી મોહ્યો છે, મિથ્યા શ્રદ્ધામાં મોહ્યો છે, એમાં એની રુચિ છે. એમાં એની પ્રીતિ છે, મિથ્યાદર્શનના મોહના કારણે જગતના કર્મજન્ય સંયોગમાં એની લગની લાગી છે. જેમાં સુખ નથી તેને સુખ માને છે, જેમાં

દુઃખ છે તેને સુખ માને છે. આ ભાવ તેને કેમ છે?—કે મિથ્યાદર્શનના કારણે મોહિત થયો હોવાથી આ ભાવ છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે. પરંતુ સ્વરૂપના ભાન વિના પરની સાવધાનીની મિથ્યા શ્રદ્ધાથી "ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર"—કર્મના લઈને સંસાર છે એમ ત્યાં વાત નથી કરી. પરમાં, રાગમાં, એના ફળમાં, ઇન્દ્રિય આદિમાં સાવધાનીની કલ્પના એ મિથ્યાદર્શન છે. પણ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે—એમ અંતર અવલોકતાં સંસારનો વ્યય થઈને મોક્ષ થતાં એને વાર લાગે નહીં. પરંતુ મિથ્યાદર્શનને લઈને અનાદિથી મોહ્યો છે.

એક જરીક સગવડતા મળે ત્યાં આહાહા! પચ્ચીસ રૂપિયાનો પગાર હોય ને પાંચનો વધારો થાય ત્યાં તો ઘરમાં હરખ હરખ થાય! આજે લાપશી કરો! અને જ્યાં કાંઈક ગુનો થયો ને પાંચ ઘટે ત્યાં હાય હાય! મોહને લઈને મફતમાં વધ્યો ને ઘટ્યો-એમ અજ્ઞાની માને છે. પણ બહારનું વધ્યું-ઘટ્યું ક્યાં તારા આત્માને અડે છે! દુકાન સરખી ચાલે ત્યાં હવે આપણે વધ્યા હો! પણ બાપુ! શ્રીમદ્ રાજચંદ્ર તો ૧૬ મે વર્ષે પોકાર કરે છે કે 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો? શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.' અરેરે! મિથ્યા મોહને લઈને મારો પગાર વધ્યો! હું આમ વધ્યો! પહેલાં તો સાધારણ વેપાર કરતા હતાં પણ હમણાં બહુ બાદશાહી છે!—મૂઢ છે ને? કષાયની હોળી સળગી રહી છે, પણ મિથ્યાત્વ ને મોહથી આ માન્યતાએ સંસાર ઊભો કર્યો છે. ત્યાં બહારમાં ક્યાં સુખ ને દુઃખ હતા? ઊંધી માન્યતાએ મોહેલો અજ્ઞાની પરમાં અગવડતા સગવડતા માની રહ્યો છે.

કાળ અનાદિ, જીવ અનાદિ ને ભવસાગર અનાદિનો છે. તેમાં વર્તમાન વાત કહે છે કે જ્યાં જ્યાં તું છો ત્યાં તારી ઊંધી શ્રદ્ધાથી તું મોહ્યો છે. આ મહાન સંસારનું મૂળ કારણ કહ્યું છે. સાત વ્યસન કરતાં પણ આ પાપ મોટું છે. બહારના ઇન્દ્રિય સંયમ અને ત્યાગ કરે પણ અંદરમાં જેને દયા-દાનના ભાવ ધર્મ છે, તેનાથી મને ધર્મ થશે—એ મિથ્યાદર્શનમાં મોહેલો પ્રાણી અનાદિનો અજ્ઞાની છે. ચૈતન્યમૂર્તિ આનંદકંદ પ્રભુ અંદર છે તેનું તો ભાન નથી ને દયા-દાન-વ્રત-ભક્તિ ને ક્રિયાકાંડ એ તો બધો રાગ છે. એ રાગનો વિવેક સમ્યગ્દર્શનમાં થાય છે, મિથ્યાદર્શનમાં એ રાગનો અવિવેક રહે છે. ઊંધી શ્રદ્ધાને લઈને શ્રદ્ધામાં રાગનો અત્યાગ રહે છે. મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી દયા-દાન-વ્રતાદિના રાગને લાભદાયક માને છે. એક સમયનો રાગ વિકલ્પ સ્વભાવમાં નથી, તેને પોતાનો માન્યો—તેને લાભદાયક માન્યો તે મહા મિથ્યાત્વથી મોહેલો પ્રાણી છે.

ભાઈ! તારો આત્મા રાગ વિના રહી શકે તેવું તત્ત્વ છે, એને બદલે રાગ વિના ન રહી શકું એ મિથ્યાદર્શનથી મોહેલો મૂઢ બહિરાત્મા છે અથવા બહિર એટલે દયા-

દાન આદિ રાગ ભાવ-પુણ્યભાવ તેના વડે નિશ્ચય પ્રાપ્ત થશે એમ માનનાર મિથ્યાદર્શનથી મોહેલો પ્રાણી રાગનો ત્યાગ કરવા માગતો નથી. મિથ્યા શ્રદ્ધાથી મોહેલો પ્રાણી સુખને પ્રાપ્ત કરતો નથી. મિથ્યા શ્રદ્ધાને લઈને આત્માના સ્વભાવની ખબર વિના, દયા-દાન-વ્રત-ભક્તિના જે ભાવ છે તે વિકાર છે, તેમાં મોહેલો પ્રાણી સ્વભાવમાં સાવધાન નથી તેથી તે સુખને પામતો નથી પણ દુઃખને પામે છે. અતીન્દ્રિય આનંદકંદ પ્રભુને ભૂલીને રાગ ને વિકલ્પમાં મોહેલો પ્રાણી તેમાં સાવધાન રહેતો થકો અંશે પણ સુખને ન પ્રાપ્ત કરતો થકો દુઃખને જ પ્રાપ્ત કરે છે. સંસારના સુખ-દુઃખ બન્નેને દુઃખ કહેવામાં આવે છે. અહીં જે સુખ કહ્યું તે અતીન્દ્રિય સુખની વાત કરી છે.

પોતાનું નિજ સ્વરૂપ, અખંડ જ્ઞાયકસ્વરૂપ જેમાં રાગના કણનો ભેળ-સેળ ને મેળ નથી, દયા-દાન, પંચમહાવ્રતનો ભાવ અને સ્વભાવ તે બેને મેળ નથી, છતાં અજ્ઞાની એ રાગભાવને પોતાનું સ્વરૂપ માનીને તે છોડવા યોગ્ય નથી એટલે કે તે મારાથી છૂટો પડવા લાયક નથી એમ માનનાર મિથ્યાદર્શનથી એકલો દુઃખી, દુઃખી ને દુઃખી થઈ રહ્યો છે, તે જરીયે આત્માના આનંદના સમ્યગ્દર્શનના સુખને પામતો નથી.

મિથ્યાદર્શનથી મોહેલો ૮૪ લાખ યોનિમાં રખડે છે. મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવયેક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન ન લેશ સુખ પાયો. દિગંબર સાધુ થાય, ૨૮ મૂળ ગુણ પાળે, પણ એ તો રાગ છે. તેમાં હિત માને એ મિથ્યાશ્રદ્ધાથી મોહેલો પ્રાણી છે. તેને આત્માના જ્ઞાન ને આનંદની ખબર નથી તેથી તે મરીને ચાર ગતિમાં રખડવાના છે. મિથ્યાશ્રદ્ધાવાળાને જરીયે સુખ નથી એમ કહ્યું. મિથ્યાશ્રદ્ધા એટલે શું ? આપણે કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુને માનતા નથી, આપણે પંચમહાવ્રત પાળીએ છીએ, માટે આપણને મિથ્યા-શ્રદ્ધા નથી; પણ એ પંચમહાવ્રત રાગ છે, એને પાળું ને એ મારા છે એ માન્યતા પોતે જ મિથ્યાશ્રદ્ધા છે, તેથી તે જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, ભલે તે જીવ દિગંબર સાધુ થઈને પંચમહાવ્રત પાળતો હોય પણ એ ભાવ મને હિતકર છે એમ માને છે તેને મિથ્યાદર્શનનું ઝેર ચઢેલું છે, તેને આત્માના અમૃતનો જરીયે સ્વાદ હોતો નથી. ૪.

ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ. ૫.

શુભ ને અશુભ રાગ એ સ્વરૂપમાં નથી, એને હિતકર માનવો એ જ મિથ્યાદર્શનમાં મોહેલો જીવ છે, તેથી આત્માના ધર્મનું કારણ કોણ તે કહે છે.

## * ચાર ગતિનો ભય લાગ્યો હોય તો પરભવને છોડ *

ચાર ગતિનો ભય લાગે, સ્વર્ગમાં અવતરવું એ પણ દુઃખ માને. કેટલાક કહે છે કે આપણે અત્યારે વ્રતાદિ પાળો, પછી સ્વર્ગમાં જઈશું ને ત્યાંથી ભગવાન પાસે જઈશું. પણ અત્યારે તો આત્માનો અનાદર કરે છે, ભગવાને કહ્યું કે દયા-દાન-વ્રતાદિ આત્માના

હિતનું કારણ નથી એને તો તું માનતો નથી, ભગવાનનો તો તું અનાદર કરે છો ને સ્વર્ગમાંથી ભગવાન આગળ સાંભળવા જઈશું એ ખોટી ભ્રમણા છે.

એક બળદ હતો તે ખોવાઈ ગયો. તેનો માલિક બળદ શોધવા માટે લુહારને ત્યાં આવ્યો કે તમારી પાસે બળદને ખસ્સી કરવા એકવાર લાવેલ તેથી કદાચ અહીં આવ્યો હોય! લુહાર કહે કે ભાઈ! એ બળદ અહીં તે પાછો આવતો હશે! ખસ્સી કરાવવામાં તો બહુ ત્રાસ થાય ને તે અહીં પાછો ડોકાતો હશે?—એમ વાત આવે છે. તેમ અહીં કહે છે કે જેને ૮૪ લાખ યોનિના ત્રાસ લાગ્યા છે ને ફરી હવે મારે આ ગતિમાં નથી આવવું–તેને માટે આ વાત છે.

ટૂંકો સિદ્ધાંત કહે છે કે જો તને ભવભ્રમણનો ત્રાસ લાગ્યો હોય તો, ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિવાય પુણ્ય-પાપનો રાગ પરભાવ છે, એ પરભાવને તું છોડી દે. બહુ ટૂંકી ને ટચ વાત કરી છે કે ભવ–ભ્રમણનો ત્રાસ લાગ્યો હોય તો પરભાવને છોડી દે. તેનો અર્થ કે વ્યવહાર છે તે પરભાવ છે, તે પરભાવને છોડ! તો નિશ્ચય પમાશે. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એ વાત રહેતી નથી. પહેલાં વ્યવહાર પાળો! વ્યવહાર પાળો! દયા-દાન-વ્રત-સંયમ પહેલાં પાળો! વ્યવહાર પાળો! એટલે કે વિભાવને પાળો એમ ને! અહીં તો કહે છે કે એ પરભાવને છોડી દે! રાગની મંદતા હોય, કષાયની મંદતા હોય તો તેમાંથી શુદ્ધતા થશે–એ તો મિથ્યાત્વ છે. શુભમાંથી શુદ્ધતા નહીં થાય, શુભને છોડ તો શુદ્ધતા થશે.

ભગવાન આત્મા જ્ઞાતાનો ભંડાર, તેનાથી ભિન્ન જેટલો ભાવ જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે તે ભાવ પણ—પરભાવ પરભાવ પરભાવ છે. જો તને ચારગતિના દુઃખનો ભય લાગ્યો હોય તો ઈ પરભાવ છોડ. રાગ મને લાભદાયક છે એમ જે માને છે તે શરીરને જીવ માને છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે ને શરીર, કર્મ, રાગ, શુભાશુભભાવ તે બધું શરીર છે. રાગના કણને પોતાનો માને છે તે બહિરાત્મા શરીરને જ આત્મા માને છે.

બાપુ! ભાઈ! જો તને ચાર ગતિનો ડર લાગ્યો હોય તો પરભાવને છોડ. શેનો ત્યાગ કરવો? શુભાશુભ ભાવનો ત્યાગ કર; ઘરબાર કે દિ' એનામાં હતાં તે એનો ત્યાગ કરે! એની પર્યાયમાં પર્યાયપણે પકડેલો પરભાવ તેને દ્રવ્યદૃષ્ટિએ તું છોડ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ ભરભાવ છે, દયા-દાન-વ્રત-ભક્તિના ભાવ પણ પરભાવ છે, છોડ! તે ગતિનું કારણ છે, મોક્ષનું કારણ નથી.

## * મોક્ષનો ઉપાય : શુદ્ધાત્માનું ધ્યાન *

આ તો નાસ્તિથી વાત કરી. ત્યારે હવે કરવું શું?—કે નિર્મળ ભગવાન આત્માનું ધ્યાન કર. કેવો આત્મા?–કે અનાદિ અનંત સચ્ચિદાનંદ સ્વસત્તાએ બિરાજમાન પૂર્ણાનંદનો નાથ કેવળજ્ઞાન સત્તાથી ભરેલું તત્ત્વ આત્મા છે તેનું ધ્યાન કર. જેમાં અનંતા નિર્મળ

ગુણો ભર્યા છે તેનું ધ્યાન પર્યાયમાં કર. આત્મા વસ્તુ છે ને ધ્યાન એ પર્યાય છે. મોક્ષના સુખનો ઉપાય શું? મોક્ષનો માર્ગ શું?—કે આત્મા અખંડ આનંદ જ્ઞાનની મૂર્તિ છે તેનું ધ્યાન કરવું તે મોક્ષનો માર્ગ છે, તે મોક્ષનો ઉપાય છે. ધ્યાનમાં દર્શન–જ્ઞાન ને ચારિત્ર ત્રણેય આવી જાય છે. પોતાની શુદ્ધ સત્તાનો આદર કરવો તે ધ્યાન ને મોક્ષનો માર્ગ છે. આત્મા તરફનું ધ્યાન તે એક જ સંવર-નિર્જરાનો માર્ગ છે.

આત્માને ઓળખ. બહુ ટૂંકી વાત કરી દીધી છે. આત્મા એટલે એક સમયની પર્યાય—પુણ્ય-પાપ જેવડો નહીં પણ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ કે જેના અંતર્મુખના અવલોકને સંસારની ગંધ પણ રહેતી નથી. એવા નિર્મળ આત્માનું–ત્રિકાળીનું ધ્યાન કર—એ મોક્ષનું કારણ છે. આત્મા અખંડાનંદ પ્રભુની સામું જોઈને એકાગ્ર થવું એનું નામ સામાયિક છે.

તત્ત્વાર્થસૂત્રનું સૂત્ર છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ—એ ત્રણે અહીં આત્માના ધ્યાનમાં સમાડી દીધા છે. અઠ્યાવીસ મૂળગુણ એ આત્મધ્યાન નહીં, એ પરભાવ હતાં, પરધ્યાન હતું, આત્મધ્યાન ન હતું. અહીં યોગીન્દ્રદેવ ફરમાવે છે કે આત્મા કોણ છે એને પહેલાં જાણજે ને પછી તેનું ધ્યાન કરજે. એટલે કે જે દૃષ્ટિ બહાર તરફ છે, પર તરફ છે તેનો પલટો મારીને અંદર સ્વ તરફ કરજે; તેનાથી શાંતિ ને શિવસુખ પામીશ, એ સિવાય મોક્ષના સુખની પ્રાપ્તિનો બીજો ઉપાય વીતરાગ પરમેશ્વરના માર્ગમાં નથી અને બીજે તો છે જ નહીં. હવે છઠ્ઠી ગાથા કહે છેઃ—

આત્માના ત્રણ પ્રકાર કહે છે. આત્મા આત્મા કરે છે ને! તેને આત્માની પર્યાયના ત્રણ પ્રકાર કહે છે. એકલો નિર્મળ આત્મા અનાદિથી છે એમ કહે છે તે ખોટું, એકલો મલિન જ આત્મા કહે છે તે પણ ખોટું; ત્રણ પ્રકારે આત્મા છે, તે કહે છેઃ

ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;
થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મસ્વરૂપ. ૬.

આત્માને પર્યાય અવસ્થાથી ત્રણ પ્રકારે જાણો; દ્રવ્ય અપેક્ષાએ તો ત્રિકાળી એકરૂપ આત્મા છે. પર્યાયમાં ભૂલ, ભૂલનું ટળવું ને નિર્ભૂલની પૂરણપ્રાપ્તિ—એ બધું પર્યાયમાં છે. બહિરાત્મપણું એટલે કે પુણ્ય-પાપના રાગને પોતાનો માનવો એ એની પર્યાયમાં છે, અંતરાત્માપણું એટલે કે આત્મા શુદ્ધ છે એમ માનવું તે એની પર્યાયમાં છે અને પૂરણ પરમાત્મપણે પરિણમવું એ પણ એની પર્યાયમાં છે.

શક્તિરૂપે તો દરેક આત્મા પરમાત્મા છે. પરમાત્માની બધી અવસ્થા જે સાદિ-અનંત પ્રગટ થવાની છે તે બધી શક્તિઓ તો વર્તમાનમાં આત્મામાં પડી છે, પરન્તુ અહીં તો પ્રગટ પૂરણ પર્યાયની અપેક્ષાએ પરમાત્માની વાત કરે છે.

નિર્વિકલ્પ શુદ્ધ પરમાત્માનું સ્વરૂપ હજુ પર્યાયમાં પ્રગટ થયું નથી પણ વસ્તુએ

આવો છું એમ જેણે શ્રદ્ધા-જ્ઞાનથી-ધ્યાનથી નક્કી કર્યું છે તેને વર્તમાન દશાની નિર્મળતાની-અપૂર્ણ નિર્મળ દશાની અપેક્ષાએ અંતરાત્મા કહેવામાં આવે છે.

ભગવાન પૂરણ શુદ્ધ નિર્મળાનંદ છે અને એ સિવાયના દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ ને દેહની ક્રિયા તેને પોતાની માનનારો, તેનાથી હિત માનનારો, તેને ભિન્ન નહીં માની શકનારો આત્મા બહિરાત્મા છે. રાગાદિના પરિણામ જે આસ્રવતત્ત્વ છે, તે બહિરતત્ત્વ છે, તેને આત્માના હિતરૂપ માનનારો બહિરાત્મા છે. કર્મજન્ય ઉપાધિના સંસર્ગમાં આવીને ક્યાંય પણ ઉલ્લસિત વીર્યથી હોંશ કરવી એ બહિરાત્મા છે. ભગવાન આત્માનો ઉલ્લસીત વીર્યથી આદર છોડીને બહારના કોઈ પણ ઉપાધિ ભાવ કે કર્મજન્ય સંયોગના સંસર્ગમાં આવતાં તેમાં વીર્ય ઉલ્લસિત થઈ જાય કે " આહાહા ! આહાહા ! "—એમ પરમાં વિસ્મયતા થઈ જાય તેને બહિરાત્મા કહે છે. અંતરના આનંદથી રાજી ન થયો ને બહારના શુભાશુભભાવ ને એના ફળ કે જે આત્માના સ્વભાવથી બાહ્ય વર્તે છે તેમાં ખુશી થયો, તેમાં આત્માપણું માન્યું એને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહે છે.

સમકિતી ચક્રવર્તી છ ખંડનો રાજા છન્નુ હજાર રાણીઓના વૃંદમાં પડેલો હોય તેને બાહ્યત્યાગ ન દેખાવા છતાં અંતરંગમાં રાગનો વિવેક અને રાગનો ત્યાગ વર્તે છે એટલે કે રાગની ભિન્નતા અને આત્માની એકતામાં રાગનો ત્યાગ વર્તે છે. બહિરાત્મા નગ્ન દિગંબર થઈને અઠ્ઠાવીસ મૂળગુણ પાળે, ચામડા ઉતરડીને ખાર છાંટે તોય ક્રોધ ન કરે પણ અંતરમાં રાગનો અત્યાગ ને રાગની સાથે એકત્વબુદ્ધિ પડી છે તે બહિરાત્મા બાહ્યબુદ્ધિમાં રાજી થનાર મિથ્યાદૃષ્ટિ છે. શરીરની નિરોગતા મારા આત્માને સાધન થશે, રોગ વખતે શરીરમાં પ્રતિકૂળતા હતી હવે શરીરમાં નીરોગતા થઈ, પૈસાદિની સગવડતા થઈ, હવે હું નીરાંતે ધર્મ-ધ્યાન કરી શકીશ—એમ આત્મા સિવાય રજકણથી માંડી બાહ્યઋદ્ધિમાં ક્યાંય અનુકૂળતા કલ્પી જવાય ને પ્રતિકૂળતાના ગંજમાં એના કારણે ક્યાંય અણગમો થાય એની બુદ્ધિ બહિરમાં રોકાયેલી હોવાથી તે બહિરાત્મા છે.

એ ભ્રાંતિ ને શંકા રહિત થઈને બહિરાત્મપણું છોડી દે. શુભાશુભભાવથી માંડીને જગતની સમસ્ત સામગ્રીમાં અનુકૂળતા ને પ્રતિકૂળતામાં ઉલ્લાસીત વીર્યને છોડી દે. હરખના સડકે ચઢેલો તારો ભાવ એ બહિરાત્મા છે, તથા પ્રતિકૂળતામાં ખેદે ચઢેલો તારો ભાવ એ પણ બહિરાત્મા છે. એ ભ્રાંતિ-શંકા રહિત થઈને બહિરાત્મપણું છોડી દે.

શ્રદ્ધા-જ્ઞાનમાં બહિરાત્મબુદ્ધિનો ત્યાગ કરીને અંતરાત્માને ગ્રહણ કરી પરમાત્માનું ધ્યાન કર. અંતરાત્માનું ધ્યાન કરવાનું નથી પણ પરમાત્માનું ધ્યાન કર—એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. [ ક્રમશઃ ]

[ વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ.......પાનું ૨ થી ચાલુ ]

## ✻ ધ્રુવ શક્તિના લક્ષે પરમાત્મા થતો મહાપાપી ✻

અન્તમેં ઈસી જમ્બૂદ્વીપકે ભરતક્ષેત સમ્બન્ધી કુરુજાંગલ દેશ કે હસ્તિનાપુર નગરમેં જબ રાજા ધનંજય રાજ્ય કરતે થે તબ ગૌતમ ગોત્રી કપિષ્ટલ નામક બ્રાહ્મણકી અનુન્ધરી નામકી સ્રીસે વહ રુદ્રદતકા જીવ ગૌતમ નામકા મહાદરિદ્ર પુત્ર હુઆ. પુત્ર ઉત્પન્ન હોતે હી ઉસકા સમસ્ત કુલ નષ્ટ હો ગયા. ઉસે ખાને કે લિયે અન્ન નહીં મિલતા થા. ઉસકા પેટ સૂખ ગયા થા, હડ્ડિયા નિકલ આઈથી, નસોંમેં લિપટા હુઆ ઉસકા શરીર બહુત બુરા માલુમ હોતા થા, ઉસકે બાલ જુંઓસે ભરે થે, વહ જહાં કહીં સોતા થા વહીં લોગ ઉસે ફટકાર બતલાતે થે, વહ અપને શરીરકી સ્થિતિકે લિયે કભી અલગ નહીં હોનેવાલે શ્રેષ્ઠ મિત્રકે સમાન અપને હાથકે અગ્રભાગમેં ખપ્પર લિયે રહતા થા, વાંચ્છિત રસકે સમાન વહ સદા 'દેઓ દેઓ' ઐસે શબ્દોંસે કેવલ ભિક્ષા કે દ્વારા સન્તોષ પ્રાપ્ત કરને કા લોલુપ રહતા થા. પરન્તુ ઈતના અભાગા થા કિ ભિક્ષા સે કભી ઉસકા પેટ નહીં ભરતા થા. જિસ પ્રકાર પર્વકે દિનોંમેં કૌઆ બલિ કો ઢૂંઢનેકે લિયે ઈધર–ઉધર ફિરા કરતા હૈ. ઈસી પ્રકાર વહ ભી ભિક્ષા કે લિયે ઈધર–ઉધર ભટકતા રહતા થા. વહ મુનિઓંકે સમાન શીત, ઉષ્ણ તથા વાયુ કી બાધા કો બાર બાર સહતા થા. વહ સદા મલિન રહતા થા, કેવલ જિહ્વા ઇન્દ્રિયકે વિષયકી ઇચ્છા રખતા થા, અન્ય સબ ઇન્દ્રિઓંકે વિષય ઉસકે છૂટ ગયે થે જિસ પ્રકાર રાજા સદા દંડધારી રહતા હૈ. ઉસી પ્રકાર વહ ભી સદા દંડધારી રહતા થા—હાથમેં લાઠી લિયે રહતા થા. 'સાંતવેં નરકમેં ઉત્પન્ન હુએ નારકીઓંકા રૂપ ઐસા હોતા હૈ,' યહાં કે લોગોં કો યહ બતલાને કે લિયે હી માનો વિધાતાને ઉસકી સૃષ્ટિ કી થી. વહ ઉડદ અથવા શ્યાહી જૈસા રંગ ધારણ કરતા થા અથવા ઐસા જાન પડતા થા કે સૂર્ય કે ભય સે માનો અન્ધકાર કા સમૂહ મનુષ્યકા રૂપ રખકર ચલ રહા હો, વહ અત્યન્ત ઘૃણિત થા, પાપી થા, યદિ ઉસે કહીં કણ્ઠપર્યન્ત પૂર્ણ આહાર ભી મિલ જાતા થા તો નેત્રોંસે વહ અતૃપ્ત જૈસા હી માલુમ હોતા વહ જીર્ણ-શીર્ણ તથા છેદવાલે અશુભ વસ્ત્ર અપની કમર સે લપેટે રહતા થા, ઉસકે શરીર પર બહુત સે ઘાવ હો ગયે થે. ઉનકી બડી દુર્ગંન્ધ આતી થી તથા ગિનગિનાતી હુઈ અનેક મક્ખિયાં ઉસે સદા ઘેરે રહતી થી, કભી હટતી નહીં થી. ઉન મક્ખિઓંસે ઉસે ક્રોધ ભી બહુત પેદા હોતા થા. નગર કે બાલકો કે સમૂહ સદા ઉસકે પીછે લગે રહેતે થે ઔર પત્થર આદિ કે પ્રહારસે ઉસે પીડા પહુંચાતે થે, વહ જુંજલાકર ઉન બાલકોંકા પીછા ભી કરતા થા. પરન્તુ બીચમેં હી ગીર પડતા થા. ઈસ પ્રકાર બડે કષ્ટસે સમય બીતા રહા થા. કિસી એક સમય કાલાદિલબ્ધિઓં કે અનુકૂલ પ્રાપ્તિસે વહ આહાર કે લિયે નગરમેં ભ્રમણ કરને વાલે સમુદ્રસેન નામકે મુનિરાજકે પીછે લગ ગયા. વૈશ્રણવ શેઠ કે યહાં મુનિરાજકા આહાર હુઆ. શેઠને ઉસ ગૌતમ બ્રાહ્મણકો ભી

કંઠ પર્યન્ત પૂર્ણ ભોજન કરા દિયા. ભોજન કરને કે બાદ ભી વહ મુનિરાજકે આશ્રમમેં જા પહુંચા. ઔર કહને લગા કિ આપ મુજે ભી અપને જૈસા બના લીજીએ. મુનિરાજને ઉસકે વચન સુનકર પહેલે તો યહ નિશ્ચય કિયા; યહ વાસ્તવમેં ભવ્ય હૈ. ફિર ઉસે કુછ દિન તક અપને પાસ રખકર ઉસકે હૃદયકી પરખ કી. તદન્તર ઉન્હોંને ઉસે શાન્તિકા સાધનભૂત સંયમ ગ્રહણ કરા દિયા. બુદ્ધિ આદિક ઋધિયાં ભી ઉસે એક વર્ષકે બાદ હી પ્રાપ્ત હો ગઈ. અબ વહ ગૌતમ નામકે સાથ હી સાથ ગુરુકે સ્થાનકો પ્રાપ્ત હો ગયા, ઉનકે સમાન બન ગયા આયુકે અન્તમેં ઉસકે ગુરુ મધ્યમ ગ્રૈવેયકકે સુવિશાલ નામકે ઉપરિતન વિમાનમેં અહમિન્દ્ર હુએ ઔર શ્રી ગૌતમ મુનિરાજ ભી અન્તમેં વિધિપૂર્વક આરાધનાઓકી આરાધનાસે અચ્છી તરહ સમાધિમરણ કર ઉસી મધ્યમ ગ્રૈવેયકકે સુવશાલ વિમાનમેં અહમિન્દ્ર પદકો પ્રાપ્ત હુએ. વહાંકે દિવ્ય સુખકા ઉપયોગ કર વહ બ્રહ્મણ મુનિકા જીવ અઠ્ઠાઈસ સાગરકી આયુ પૂર્ણ હોને પર વહાંસે ચ્યુત હુઆ ઔર તૂં અન્ધકવૃષ્ટિ (–શ્રી નેમિનાથ ભગવાનના દાદાજી) નામકા રાજા હુઆ હૈ.

મહારાજ અન્ધકવૃષ્ટિ યહ સબ સુનકર સંસારસે ભયભીત હો ઉઠે. અતઃ પરમપદ–મોક્ષપદ પ્રાપ્ત કરનેકી ઇચ્છાસે ઉન્હોંને અભિષેકપૂર્વક સમુદ્રવિજયકે લિયે રાજ્ય દે દિયા ઔર સ્વયં સમસ્ત પરિગ્રહ છોડકર શાન્ત ચિત્ત હો ઉન્હીં સુપ્રતિષ્ઠિત જિનેન્દ્રકે સમીપ બહુતસે રાજાઓંકે સાથ તપ ધારણ કર લિયા. સંયમ ધારણ કર અન્તમેં ઉન્હોંને સન્યાસ ધારણ કિયા ઔર કર્મોંકો નષ્ટ કર મોક્ષ પ્રાપ્ત કર લિયા. (શ્રી ગુણભદ્રાચાર્ય, ઉત્તરપુરાણ)

---

## "માંડ આવા ટાણાં મળ્યા છે"

ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે હે ભાઈ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે. તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે તેમાં કરવાનું તો આ એક જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચારકર તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બંને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. ભાઈ! સમય સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે, તેમાં જો તું સ્વભાવ સન્મુખ ન થયો તો તેં શું કર્યું? ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવો—તે જ કરવાનું છે.

૯૨ મી જન્મજયંતીના પુનિત અવસરે

# ઉપકૃતભાવભીની વંદના : આપણા જીવનશિલ્પીને

—શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ

भेदविज्ञान जग्यौ जिन्हके घट, सीतल चित्त भयौ जिम चंदन ।
केलि करै सिवमारगमैं, जग माहिं जिनेसुरके लघुनंदन ॥
सत्यसरूप सदा जिन्हकै, प्रगटयौ अवदात मिथ्यात-निकंदन ।
सांतदसा तिन्हकी पहिचानि, करै कर जोरि बनारसि वंदन ॥

જેમને માત્ર ભેદવિજ્ઞાનમય શાન્તદશા પરિણમી હતી એટલું જ નહિ પણ તે ઉપરાંત જેમણે આપણને સાચો મોક્ષમાર્ગ બતાવી ભવભ્રમણ ટાળવાનો—મનુષ્યભવ નિરર્થક ન જાય તે માટે સાવધાન કરવાનો—હિતકારી ઉપદેશ આપી આપણા ઉપર પરમ ઉપકાર કર્યો છે, તે પવિત્ર પરમોપકારી ગુરુદેવનો જન્મદિવસ આજે આપણે ઊજવી રહ્યા છીએ. અલબત્ત, ભારે હૈયે; કારણ કે પહેલી જ વાર તેઓશ્રીની અનુપસ્થિતિમાં આ પ્રસંગ આપણે ઊજવીએ છીએ.

ઉમરાળામાં ગુરુદેવનો જન્મ થયો. બાળપણથી જ તીક્ષ્ણ દૃષ્ટિ, દરેક વસ્તુમાં ઊંડા ઊતરવાની ટેવ, દરેક વાતના હાર્દમાં ઊતરીને નિર્ણય કરવાની શક્તિ અને એ રીતે પોતે જે નિર્ણય કરે તેમાં પછી પ્રાયઃ બીજા કોઈના અભિપ્રાયનો અવકાશ નહિ—એવી નિર્ણયાત્મક વૃત્તિ. બાળપણ વિતાવી પ્રમાણિકપણે થોડો સમય વેપાર કર્યો. પણ અંદરમાં એમ હતું કે આ મનુષ્યભવનું સાર્થક્ય કરી લેવું છે, તેથી દીક્ષા લીધા પહેલાં પણ પોતે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી. ત્યાર પછી ઘણાં ગામોમાં ફરી, ઘણાં તત્કાલીન સંપ્રદાયના સાધુઓનો પરિચય કરી, તે બધા સાધુઓમાં જે વધુ ઠીક લાગ્યા તેમની પાસે દીક્ષા અંગીકૃત કરી. સદા બધી પ્રવૃત્તિ એક આત્મહિત માટે જ, પરોન્મુખ વૃત્તિ બિલકુલ નહિ. પોતાનું કલ્યાણ કરી લેવું તે જ એક ધ્યેય. તેઓશ્રી સંપ્રદાયની રીત પ્રમાણેનું ચારિત્ર કડકમાં કડક પાળતા. શાસ્ત્રાભ્યાસ અને શાસ્ત્રમંથન પણ ખૂબ કરતા. જે પ્રમાણે એ શાસ્ત્રોમાં કહ્યું હોય તે પ્રમાણે જ હંમેશાં વર્તે. ગુરુની તેમના પર અપાર કૃપા હતી. ટૂંકા સમયમાં આખા ભારતમાં એક અતિ ઉત્તમ સાધુ તરીકેની નામના પ્રાપ્ત કરી. એ રીતે જીવન ગાળતાં ગાળતાં યોગાનુયોગે સમયસારાદિ સત્શાસ્ત્રો પરમભાગ્યોદયે તેમના હાથમાં આવ્યાં, જે સત્ સમજવામાં તેઓશ્રીને પરમ હેતુભૂત બન્યાં. જીવ એક સ્વતંત્ર પદાર્થ છે, તે બાહ્ય ક્રિયાઓથી તો

તદ્દન જુદો છે, તેને બાહ્ય ક્રિયાનું કાંઈ ફળ—સારું કે નરસું—મળતું નથી; શુભ ભાવો અને અશુભ ભાવોનું ફળ તેને મળે ખરું પણ મૂળભૂત શાશ્વત સુખરૂપ ફળ નહિ; ઇત્યાદિ તત્ત્વજ્ઞાન તેઓશ્રીને સ્ફુરવા લાગ્યું. અંતે આત્માનુભૂતિ કરી, ભગવાન આત્માનાં દર્શન કર્યાં. અને પછી 'ભગવાન આત્મા....ભગવાન આત્મા....જ્ઞાયક' એમ રણકાર હંમેશાં જીવનપર્યંત તેમણે ગજાવ્યો. ભૌતિક જગતની અંદર જ્યાં આત્મા છે કે નહિ તેની જ શંકામાં ઘણો મોટો જનસમુદાય ગોથાં ખાય છે, ત્યાં ગુરુદેવે અત્યંત જોરપૂર્વક ભેરી બજાવી કે—એક જ્ઞાયક જ હું છું. હું સર્વની ઉપર તરતો પરમ પદાર્થ છું. તેઓશ્રી મસ્તીથી ગાતા કે—'પરમ નિધાન પ્રગટ મુખ આગળે જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર'. તેમને આશ્ચર્ય થતું કે આ, દૃષ્ટિ સામે જ, પરમ નિધાન—સમૃદ્ધિભરપૂર જ્ઞાયકતત્ત્વ—પડ્યું છે તેને ઓળંગીને—તેને ટપી જઈને—જગત કેમ ચાલ્યું જાય છે? 'આ વસ્તુ ખરી,' 'આ વસ્તુ અહીં આ દેખાય' એમ દૃશ્ય વસ્તુને તે દેખે છે, પણ તેના દેખનારને તે કેમ ઓળંગી જાય છે? 'પ્રેમ-પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ, જિનેશ્વર.' સર્વ દૃશ્ય વસ્તુઓના દ્રષ્ટાની—પરમ નિધાનની—સ્વાનુભવયુક્ત પ્રતીતિ ગુરુગમથી થાય છે. એવી એ પવિત્ર ગુરુગમનો આધાર આપણા પરમોપકારી ગુરુદેવ આપણા પરમ ભાગ્યે આપણને મળ્યા.

ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી જ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની શ્રદ્ધા તેમના અંતરમાં વણાઈ ગઈ હતી. હું એક સ્વતંત્ર દ્રવ્ય છું, મને કર્મ રોકી શકે નહિ—એમ તેઓ વારંવાર ફરમાવતા. સં. ૧૯૮૮ માં—આજથી ૪૮ વર્ષ પહેલાં—સ્થાનકવાસી સાધુ તરીકે ગુરુદેવનું ચાતુર્માસ જામનગરમાં હતું ત્યારે મેં તેઓશ્રીને પ્રશ્ન કર્યો: 'મહારાજ! બે જીવોને ૧૪૮ કર્મપ્રકારો સંબંધી સર્વ ભેદ-પ્રભેદોનાં પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ-અનુભાગ બધુંય બરાબર એકસરખું હોય તો તે જીવો ઉત્તરવર્તી ક્ષણે સરખા ભાવ કરે કે ભિન્નભિન્ન પ્રકારના?' તેઓશ્રીએ કહ્યું: 'ભિન્નભિન્ન પ્રકારના.' પ્રશ્ન કર્યો: 'બંને જીવોની શક્તિ તો પૂરી છે અને આવરણ બરાબર સરખાં છે, તો પછી ભાવ ભિન્નભિન્ન પ્રકારના કેમ કરી શકે? ગુરુદેવે તરત જ દૃઢતાથી ઉત્તર આપ્યો: 'અકારણ પારિણામિક દ્રવ્ય છે.' તે વખતના એ જોરદાર શબ્દો હજુ મારા કાનમાં ગુંજે છે. અકારણ પારિણામિક દ્રવ્ય એટલે જીવ જેનું કોઈ કારણ નથી એવા ભાવે સ્વતંત્રપણે પરિણમતું દ્રવ્ય છે. તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે.

સિદ્ધાંતનિષ્ઠામાં અત્યંત દૃઢતા ગુરુદેવની લાક્ષણિકતા હતી. બધા ક્રાંતિકારોમાં આ

ગુણ હોય છે. સિદ્ધાંતમાં તેઓ લેશમાત્ર નમતું જોખતા નહિ. જગતના અભિપ્રાયની તેઓ પરવા કરતા નહિ. જગત તરફથી માન મળે કે અપમાન થાય તે પ્રત્યે તેમની સંપૂર્ણ ઉપેક્ષા રહેતી. તેઓ કહેતા—શું લોકો તને સ્વીકારે તો જ તું સાચો છે? તું તને સ્વીકારે છે, પછી તારે જગતની શી અપેક્ષા છે? શું તેઓ તારાથી મોટા છે કે તને તેમના અભિપ્રાયની અપેક્ષા રહે છે? અને જો તેઓ નાના છે, તો તેમના અભિપ્રાયની કે માનની શી કિંમત? 'લહી ભવ્યતા મોટું માન, કવણ અભવિ ત્રિભુવન અપમાન'—એ તેઓશ્રીનું પ્રિય સૂત્ર હતું. જો તીર્થંકરના જ્ઞાનમાં આવ્યું કે તું ભવ્ય છે, તો તેના જેવું જગતમાં બીજું માન કયું? તીર્થંકરના જ્ઞાનમાં તો ઠીક, પણ પોતે જ નિજ તીર્થંકર તેના જ્ઞાનમાં આવ્યું કે 'હું ભવ્ય છું', પછી મારે બીજું માન શું જોઈએ? અને જો તીર્થંકરે જોયું કે આ અભવ્ય છે—અપાત્ર છે, તો ત્રણ લોકમાં એના જેવું બીજું કયું અપમાન છે? પછી જગત આખું તને ફૂલડે વધાવે તોપણ તેથી તારી શી મોટપ?—આમ ગુરુદેવ જગતના અભિપ્રાય પ્રત્યે અતિ નિરપેક્ષ રહેતા.

ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી તેમની વ્યાખ્યાનશૈલી તત્ત્વપૂર્ણ અને અદ્ભુત હતી. સમ્યગ્દર્શનનું પરમ માહાત્મ્ય તેઓ પ્રત્યેક વ્યાખ્યાનમાં સમજાવતા. ગુરુદેવનું સં. ૧૯૮૨નું ચાતુર્માસ વઢવાણમાં હતું. મારા મોટાભાઈ વજુભાઈ તે વખતે વઢવાણમાં હતા અને હું અમદાવાદ કૉલેજમાં હતો. વજુભાઈ મને લખતા : કાનજી મહારાજનાં વ્યાખ્યાનો અદ્ભુત છે. તેઓ પ્રત્યેક વ્યાખ્યાનના પ્રારંભમાં પા-અર્ધો કલાક સમકિતનું વિવરણ કરે છે. આપણે તો માનતા કે જૈનદર્શન સાચું છે એવી શ્રદ્ધા આપણને હોવાથી સમકિત છે અને વ્રત-સામાયિકાદિ કરીએ છીએ એટલે પાંચમું ગુણસ્થાન છે. આ મહારાજ તો કહે છે કે—સમકિત કોઈ અલૌકિક વસ્તુ છે. સમકિત થતાં તો સિદ્ધભગવાનના સુખની વાનગી અનુભવમાં આવે. 'મારે હવે પરિભ્રમણ નથી' એવી પરમ નિ:શંકતા થઈ જાય; ભગવાનને પૂછવું ન પડે. ખરેખર આ વાત સાચી લાગે છે. જો સમકિત વિના જ જીવ અનંત કાળથી સંસારમાં રખડે છે, તો એ સમકિત કોઈ અપૂર્વ વસ્તુ હોવી જોઈએ. આ રીતે સંપ્રદાયમાં હતા ત્યારથી ગુરુદેવનાં વ્યાખ્યાનોનો પ્રધાન સૂર સ્વાનુભૂતિયુક્ત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને મહિમા સમજાવવાનો હતો. સ્વાનુભૂતિયુગસ્રષ્ટા ગુરુદેવનો મુમુક્ષુજગત પર અનંત ઉપકાર છે.

ગુરુદેવનું વર્તન સદાય આત્માભિમુખ રહ્યું છે. જગત પ્રત્યે હંમેશાં દુર્લક્ષ. ઈ. સ. ૧૯૨૧, ૧૯૩૦ ઇત્યાદિ વર્ષોમાં અતિ પ્રચંડ ભારતવ્યાપી રાજકીય આંદોલનો થયાં જેની અસરથી ભાગ્યે જ કોઈ—ગરીબ હો કે તવંગર હો, લૌકિકજન હો કે ધાર્મિકજન હો—

અસ્પૃષ્ટ રહ્યું હશે. પોતાની સાથે સર્વને ઘસડી જતાં એ ઝંઝાવાત સમાં આંદોલનો વચ્ચે પણ ગુરુદેવ મેરુ સમ અડગપણે નિજ અંતર્મુખ જીવનમાં નિરત ઊભા હતા. 'આ એક ભવના સુખાભાસ માટેના કલ્પિત વ્યર્થ પ્રયત્નથી શો લાભ ? મારે તો એક ભવમાં અનંતા ભવો ટાળવા છે' એવા ભાવપૂર્વક ત્યારે પણ તેઓ અંતર્મુખ જીવનમાં અત્યંત લીન રહ્યા.

સંપ્રદાયના સાધુ તરીકે ગુરુદેવની જે ગામમાં સ્થિતિ હોય ત્યાં હું સુરતથી વેકેશનમાં દર્શનાર્થે જતો, ત્યારે ગુરુદેવને શાન્ત એકાંત ઓરડામાં આંખો વીંચીને ગંભીરપણે તત્ત્વ-વિચારમાં બેઠેલા જોઉં, પાસે શાસ્ત્ર પડ્યું હોય, આંખો ઉઘાડતાં મારા પર નજર પડતાં 'ઉપયોગ ઉપયોગમાં છે, ક્રોધ ક્રોધમાં છે' એવાં કાંઈક વચનો નીકળે—આમ નિજ પ્રયત્નમાં લીન ગુરુદેવનાં પ્રેરક દર્શન થતાં મને હૃદયમાં ઘા લાગી જતો : "વાહ ! આ ખરું જીવન છે. આપણે તો જીવન વેડફીએ છીએ; સૂરત શા માટે બેઠો છું ? શ્રીમદ્જી કહે છે કે 'માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા; પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' વળી તેઓ કહે છે : 'એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ.' આવું સાધન પ્રત્યક્ષ છે તો પછી શા માટે સૂરત ફૂકાને અર્થે પડ્યો છું ?" એવા વિચાર આવતા અને નિવૃત્તિની ભાવના થતી. 'કેવો આ નિવૃત્તિમય આત્માભિમુખ ઉદ્યમ ? કેવું આ ઉત્તમ ધ્યેયને સમર્પિત જીવન ? ક્યાં આ પવિત્ર જીવન ને ક્યાં આપણું જીવન ?' એમ હજુ પણ ગુરુદેવ કહી-કહી પ્રેરણા આપી રહ્યા છે.

ગુરુદેવ સ્થાનકવાસી સંપ્રદાયમાં સાધુ તરીકે હતા તે દરમ્યાન છેલ્લાં કેટલાંક વર્ષોથી તેમને અંતરમાં દિગંબર જૈનધર્મની દૃઢ શ્રદ્ધા થઈ ગઈ હતી અને બહારમાં સ્થાનકવાસી સાધુપણું હતું. આ સ્થિતિ તેમને ખટક્યા કરતી હતી. આખરે આ ખટક ઉગ્ર થતાં તે સ્ફટિકહૃદયી પરાક્રમી પુરુષે નક્કી કર્યું કે હવે 'અંદરમાં કાંઈ અને બહારમાં કાંઈ' એવી સ્થિતિ પોષાતી નથી; હવે કોઈ નાનકડા ગામડામાં જઈ બાહ્ય પરિવર્તન પણ કરી નાખવું અને ત્યાં સ્થિરવાસ કરવો. જૈનોનાં ઘર નહિવત્ હોય એવું ગામ પસંદ કરવું કે જેથી કોઈનાં દિલ દુભાવાનો પ્રસંગ ન બને. આહાર ઉદરપૂર્ણ ન લેતાં ઓછો કરી નાખવો કે જેથી નાના ગામમાં કોઈને બોજો ન થાય. પ્રસિદ્ધિ ઘણી હોવાથી વિરોધ તો થશે અને ઉપસર્ગો પણ પડશે. પણ તે બધું સહન કરી લેશું.—આમ નક્કી કરી તે હજારોની માનવ-મેદનીમાં ગર્જતો સિંહ સતને ખાતર બધી જાહોજલાલી છોડી સોનગઢમાં શ્રી હીરાભાઈના નિર્જન એકાંત મકાનમાં જઈને બેઠો અને સ્થાનકવાસી સંપ્રદાયનું બાહ્ય ચિહ્ન જે મુહપત્તી તેનો ત્યાગ કર્યો. આહારની તો કાંઈ તકલીફ ન પડી, પણ વિરોધ તો થયો અને ઉપસર્ગો

પણ પડયા. ઘણો ખળભળાટ થયો. પરંતુ ઉદારચિત્ત ગુરુદેવે તે બધું ક્ષમાપૂર્ણ ભાવે સહન કર્યું. તેઓશ્રીના એવા સહજ ભાવ રહેતા કે "બધા ભગવાન છે. ન સમજાય તેથી વિરોધ કરે. વિરોધભાવ તો તેમની પરિણતિમાં થાય છે. તેમાં 'મારો' વિરોધ ક્યાં થયો ?" આમ, સહજભાવે હળવાશથી બધું સહન થઈ જતું. ....પરિવર્તન પછી ધીમે ધીમે આખા ભારતવર્ષમાં સત્ય ધર્મનો, અધ્યાત્મમાર્ગનો પ્રચાર પુષ્કળ થયો. ભગવાન આત્માનો અને સ્વાનુભૂતિયુક્ત સમ્યગ્દર્શનનો મહિમા પુનઃ જૈન જગતમાં ગાજતો થયો. યથાર્થ મોક્ષમાર્ગ ખુલ્લો થયો. જૈનધર્મમાં, તેના સિદ્ધાંતોમાં નવું તેજ પ્રગટ્યું. અંધારામાં માર્ગ ભૂલેલા મુમુક્ષુજનોને સાચી દિશા સૂઝાડનાર પ્રકાશ પ્રાપ્ત થયો. આ રીતે આ કાળના આત્માર્થી જનો પર ગુરુદેવનો અનન્ય ઉપકાર વર્તે છે.

હમણાં થોડા દિવસ પહેલાં જ શ્રી જીવરાજજી મહારાજે મને કહ્યું કે "ઘણાં વર્ષ પહેલાં ગુરુદેવ ચેલા નામના ગામમાં મેડી ઉપર આંટા મારતાં મારતાં મસ્તીથી લલકારતા હતા કે 'सततमनुभवामोऽनंतचैतन्यचिह्नं, न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।' ખૂબ ધૂન લગાવી હતી. હજુ તે મારી નજર સામે તરે છે."

અનંત-ચૈતન્યચિહ્નવાળા ભગવાન આત્માનો સતત અનુભવ તે ગુરુદેવનું જીવન હતું અને એ સિવાય અન્ય કોઈ પ્રકારે સાધ્યની સિદ્ધિ નથી, નથી—એ વાત તેમણે જીવનપર્યંત જગત સમક્ષ અત્યંત જોરપૂર્વક જાહેર કરી સુપાત્ર જીવોને કલ્યાણના સાચા માર્ગે દોર્યા.

તેઓશ્રી ફરમાવતા કે 'અહો જીવો! અશુભ તેમ જ શુભ બંને ભાવો બંધનાં કારણ છે, મોક્ષનાં નહિ.' 'તો મોક્ષનું કારણ કોણ ?' 'શુદ્ધ ભાવ.' 'કષાય ઓછો કરીએ એટલો તો શુદ્ધ ભાવ ખરો ને ?' દૃઢતાથી ઉત્તર મળતો કે 'એ તો શુભ ભાવ છે. નિરંતર શુદ્ધ એવા આત્મપદાર્થને શ્રદ્ધવો-જાણવો અને તેમાં લીન થવું તે શુદ્ધ ભાવ છે.' 'અશુદ્ધભાવ વખતે પણ શુદ્ધ ? અશુદ્ધ ને શુદ્ધ સાથે કેમ હોઈ શકે ?' 'હોઈ શકે. यद् विशेषेपि सामान्यं एकमात्रं प्रतीयते। અશુદ્ધ વિશેષો વખતે પણ સામાન્ય તો એકરૂપ-શુદ્ધરૂપ રહે છે. જ્યાં અજ્ઞાનીઓ વિશેષોને આસ્વાદે છે ત્યાં જ જ્ઞાનીઓ સામાન્યના આવિર્ભાવપૂર્વક સ્વાદ લે છે. આ જ સંક્ષેપમાં બંધમાર્ગ અને મોક્ષમાર્ગનું મૂળભૂત રહસ્ય છે.'

ગુરુદેવશ્રી ત્રિકાળશુદ્ધની વાત સ્ફટિકમણિના દૃષ્ટાંતથી સમજાવતા. સ્ફટિકમણિ લાલાશરૂપે પરિણમ્યો હોય ત્યારે પણ નિર્મળ-શુદ્ધ તો છે જ ને ? શું લાલ રંગના ભૂકાની લાલાશ જેવી તે લાલાશ છે ? શું લાલ રંગના ભૂકાને ધોવાથી પણ તેની લાલાશ જશે ? સ્ફટિકમણિને તો ધોવો પણ નથી પડતો, કારણ કે શક્તિ-અપેક્ષાએ સદા નિર્મળપણું રાખીને તેનું લાલાશરૂપ પરિણમન થયું છે. એ જ પ્રમાણે જીવ અશુદ્ધ પરિણમન વખતે પણ દ્રવ્ય-અપેક્ષાએ—સામર્થ્ય-અપેક્ષાએ—શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે. તે શુદ્ધતાનું જ્ઞાન જ્ઞાનીઓને હોય છે.

ઘણાં વર્ષ પહેલાં જ્યારે અમારું મંડળ થોડાં ભાઈ-બહેનોનું બનેલું—નાનું હતું

ત્યારે 'અત્યારે જ આત્મા શુદ્ધ છે' એ વાતે અમારા સૌમાં ભારે આશ્ચર્ય જન્માવ્યું હતું. સ્ફટિકમણિના દૃષ્ટાંત પ્રમાણે એ વાતની ના પણ પડાય એમ નહોતું. બહુ જ નવાઈ લાગતી : 'વાહ! હમણાં પણ શુદ્ધ ? આવો જ્ઞાનીને અનુભવ (ભલે ઉપયોગરૂપે કે લબ્ધરૂપે) સદા વર્તે ? ગજબનું પરિણમન!' હંમેશાં આ વાત રસમય ચર્ચાનો વિષય બનતી તથા જ્ઞાની—સમ્યગ્દૃષ્ટિના પરિણમન પ્રત્યે અતિ માહાત્મ્યભાવ ઉત્પન્ન થતો અને હૃદય નમી પડતું.

સામર્થ્યરૂપ (શક્તિરૂપ) શુદ્ધતાના—ધ્રુવત્વના ભાન વિના શુદ્ધ પરિણતિ થતી નથી. ધ્રુવત્વ અર્થાત્ અન્વયનો અર્થ માત્ર 'તે....તે....તે' એટલો જ નહિ, પરંતુ કેવળજ્ઞાનના સામર્થ્યથી ભરપૂર. અનંત-સુખસામર્થ્યથી ભરપૂર. અનંત-વીર્યાદિસામર્થ્યથી ભરપૂર એવું 'તે....તે....તે'—એવો અન્વય એવું સામાન્ય, એવો પારિણામિકભાવ, એવો જ્ઞાયક. આવા શુદ્ધ જ્ઞાયકને ગુરુદેવ સતત અનુભવી રહ્યા હતા તેથી નિરંતર આંશિક શુદ્ધ પરિણતિ તેઓશ્રીને વર્તતી હતી. તેની સાથે વર્તતું પ્રયોજનભૂત વિષયોનું—દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદવ્યયધ્રૌવ્ય, નવ તત્ત્વ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, મોક્ષમાર્ગ ઇત્યાદિનું—જ્ઞાન પણ તેમને વિશદતાપૂર્વક સમ્યક્‌પણે પરિણમતું હતું જેથી શાસ્ત્રોના લુપ્તપ્રાય થઈ ગયેલા સાચા ભાવો તેમના દ્વારા ખૂલ્યા અને જગતમાં ખૂબ પ્રસારિત થયા.

આવું પવિત્ર સમ્યગ્દર્શનજ્ઞાનપરિણત જીવન જીવનાર, નીડરતા, નિઃસ્પૃહતા, જગતના માનાપમાન પ્રત્યે ઉદાસીનભાવ, ધ્યેયનિષ્ઠા, વૈરાગ્ય, સહૃદયતા, નિજહિતનિરત નિવૃત્તિ-પ્રધાનતા ઇત્યાદિ અનેક-ગુણગણથી અલંકૃત ગુરુદેવશ્રીનો આપણા પર અવર્ણનીય ઉપકાર છે. તેમના પ્રેરણાદાયી આત્માભિમુખ પુરુષાર્થી જીવનના પ્રત્યક્ષ પરિચયથી તેમ જ તેમની ભાવભીની, સ્વાનુભૂતિના જોરવાળી, સમ્યક્‌તત્ત્વોપદેશક વજ્રવાણીથી આપણાં જીવન ઘડાયાં છે. તેઓશ્રીએ આપવામાં તો કાંઈ બાકી રાખ્યું નથી. હવે પુરુષાર્થ તો આપણે કરવાનો છે. તેઓશ્રીએ ચીંધેલ શુદ્ધ પરિણતિના પુરુષાર્થની ભાવના આપણા હૃદયમાં કદી ગૌણ ન હો. કેવળ શુભભાવપરિણત જીવનમાં જ આપણે કદી સંતુષ્ટ ન થઈ જઈએ. ભવભ્રમણ-છેદનની ખટક સદાય આપણા હૃદયમાં બની રહો. તો જ સત્પુરુષ પ્રત્યે આજ્ઞાંકિતપણે વર્ત્યા કહેવાઈએ. શુદ્ધત્વપ્રાપ્તિનો પ્રયત્ન કર્યા જ કરીએ તો જ અતિદુર્લભ એવો સત્પુરુષનો યોગ સાર્થક થયો ગણાય. જેમ પરિપૂર્ણ શુદ્ધપરિણતિએ પરિણત જિનભગવાનની નિશ્ચયભક્તિ આંશિક શુદ્ધપરિણતિએ પરિણમવું તે છે, તેમ યથાયોગ્ય પવિત્ર પરિણતિએ પરિણત ગુરુદેવની નિશ્ચયભક્તિ પણ તે પવિત્ર પરિણતિની કણિકા આપણામાં પ્રગટ કરવી તે છે. તે નિશ્ચયભક્તિના પુરુષાર્થની ભાવના સાથે, આજે ગુરુજન્મજયંતીદિને આપણા પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવનાં ચરણકમળમાં ઉપકૃતભાવભરી ઉગ્ર લાગણીપૂર્વક આપણાં ભાવભીનાં વંદન હો.

* * *

# શ્રદ્ધાંજલિ

ખીમચંદભાઈ જે. શાહ સોનગઢ

સિદ્ધિપદમાં પરમ પાવન પંથે પ્રયાણ કરનાર અધ્યાત્મપથિક પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવનો જય હો. આજ ૯૨ વાં જન્મ-જયંતિ મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રી કી અનુપસ્થિતિમેં હમ લોગ મના રહે હૈં, ભલે દેહકી અપેક્ષાસે ઉનકી યહાં અનુપસ્થિતિ હો લેકિન ઉન્હોંને જો હમારી સમક્ષ હમારે લિયે જો અધ્યાત્મ-નિધાન ખોલકર કે રખા હૈ વો તો હમારી એક પરમ નિધિ હૈ, ઉસકી રક્ષા કરના વો હી હમારા કાર્ય હૈ....

....પૂજ્ય ગુરુદેવશ્રીને અધ્યાત્મનિધાન ઇતના ખોલ દિયા હૈ કિ અપનેકો કોઈકે પાસ કુછ માંગનેકી ભી આવશ્યકતા નહીં રહેતી હૈ. ઉન્હોંને કી થી અનેક તીર્થધામોકી યાત્રા, અબ વે અલ્પભવમેં કરનેવાલે હૈં સ્વયં સિદ્ધિધામકી યાત્રા. ઔર જૈસે યાત્રામેં હમ લોગ ઉનકી સાથ જાતે થે વૈસે હમ ભી ઉનકી સાથ સાથ સિદ્ધિધામમેં જાવે-વહી હમારી એકમાત્ર ભાવના હૈ.

....ઉનકા યહી હમ સચ્ચા વારસદાર બનના ચાહતે હૈં તો હમારા એકમાત્ર કર્તવ્ય વો હૈ કિ ઉન્હોંને અપને સમક્ષ જો મહાનિધાન રખા હૈ વો અંતરમેં પરિણમન કરે ઔર ઐસે હી ઉનકા અનંત ઉપકાર હમારે ઉપર હૈ ઇસલિયે હમ ઉનકો શત શત વંદન કરકે ઉનકા દિવ્ય સંદેશ અપના સબમેં પરિણમ જાવે ઔર જો ઉન્હોંને કહા થા કિ મૈં સિદ્ધ હી દેખ રહા હું ઐસા અપન ભી સબકો સિદ્ધ દેખ લેવેં ઔર હમ સ્વયં ભી સિદ્ધ બન જાવે ઐસી ભાવના હૈ. [—૯૨ મી જન્મજયંતીના શ્રદ્ધાંજલિ-ભાષણમાંથી]

* * *

## ✻ છ માસ આત્માનો અભ્યાસ કર ✻

ભાઈ! છ માસ આત્માનો અભ્યાસ કર તો તને જરૂર આત્મપ્રાપ્તિ થશે જ. છ માસ ધારાવાહી આત્માની સન્મુખતાનો અભ્યાસ કર અને અશુભ ભાવ થવા ન દે, છ માસ બીજી બધી ઉપાધિ થવા ન દે ને ચૈતન્યની વિચારણામાં શુભભાવમાં છ માસ ધારાવાહી અભ્યાસ કર. બીજી ચિંતા છોડીને પરદ્રવ્યનું થવાનું હોય તેમ થાઓ. સર્વજ્ઞ ભગવાને કહેલા આત્માને છ માસ અભ્યાસ કરીને તપાસી જો. પોતાની ચીજ છે તે પ્રાપ્ત થયા વિના કેમ રહે? જરૂર પ્રાપ્ત થાય જ.

# —શ્રદ્ધાંજલિ—

બાબુભાઈ મહેતા, ફતેપુર

અનંત ઉપકારી પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનો અનંતવાર જય હો જય હો. પૂજ્ય ગુરુદેવશ્રીનો આજે ૯૨ મો જન્મજયંતી મહોત્સવ એ આપણો એક મહાભાગ્યનો મહોત્સવ છે. આપણા અસ્તિત્વનો મહોત્સવ છે. આપણી સ્વરૂપસત્તાનો મહોત્સવ છે. પૂજ્ય ગુરુદેવ શ્રી, જેમ શાસ્ત્રમાં કહેવામાં આવે છે કે તીર્થંકરનો જન્મ થતાં જ્યારે દેવ એને મેરુ ઉપર પાંડુશિલા પર લઈ જાય છે ત્યારે શ્રી ઋષીમુનિરાજ કહે છે કે ભગવાન! આપ જ્યારે મેરુપર્વત પર પધાર્યા અને આપના અભિષેકથી આ મેરુપર્વત પણ તીર્થ બની ગયો, એમ હે ગુરુદેવ! ૨૪૦૦-૨૪૦૦ વર્ષથી જે પંચમકાળની શરુઆત થયેલી. જેમાં કેવળ ક્રિયાકાંડ ખોખરું બારદાન રહી ગયેલું, માલ નહીં માત્ર બારદાન હતું, બારદાન પણ સડી ગયું હતું, વ્યવહાર પણ સાચો નહોતો રહ્યો એવા પંચમકાળમાં આપના પધારવાથી ચોથા કાળનો ઉદય થયો. સોનગઢ, સૌરાષ્ટ્ર, ભારત અને વિદેશ તીર્થ બન્યું. ગુરુદેવ ન હોત તો અનાર્યભૂમિ જેવું અફ્રિકા કયાંથી તીર્થ બનત? લોકો સનાથ બન્યા, મૂએલા મડદા પણ જાગતા થયા, ઊંઘેલા પણ બેસતા થયા. એ બધો પ્રતાપ પૂજ્ય ગુરુદેવનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે ભારતક્ષેત્રમાં સમ્યગ્દર્શનનો જન્મ. જે સમ્યગ્દર્શનની વાત જ કોઈ કરી શકતું નહોતું. આ કાળે તો હોય જ શાનું? હોય તો માત્ર ભગવાનના દર્શન કરવા એનું નામ સમ્યગ્દર્શન. એવી જે થોથી વાતો, પાખંડી વાતો, મંત્ર-તંત્ર ઢોંગ, ભૂવા-ધૂતારાની તો બરાબર જેમ ચોંટે ને ચોરે દારૂવાળાની મેહફિલો જામે એમ દુનિયામાં એકાંતની મેહફિલો જામી ગયેલી, પણ ગુરુદેવનો અવતાર થતાં, સત્ય વાતનો પ્રકાશ થતાં, એમનો જન્મ અનેક જીવોને નવા સમ્યગ્દર્શનના જન્મનું કારણ બન્યું છે. અનેક ભવના અભાવ કરવાના સંસ્કાર નાખવાનું ગુરુદેવે કારખાનું સ્થાપ્યું. હવે એમાંથી માલ ઈમ્પોર્ટ થવા લાગ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે ભરતક્ષેત્રમાં અધ્યાત્મયુગના સર્જનનો જન્મ, ગુરુદેવશ્રીનો જન્મ એટલે શિબિરયુગનો જન્મ-આ હું નથી કહેતો, વિરોધીઓ બોલે છે. ગુરુદેવનો જન્મ એટલે સત્ સાહિત્યના સર્જનનો જન્મ; જે સાહિત્ય હતું, આગમોમાં જે માલ હતો એ માલના ભાવના રહસ્યના ઉદ્ઘાટનનો જન્મ ગુરુદેવનો જન્મ એટલે ભારતના અનેક જીવોની તૈયારીનું કારણ, સુખી થવાનું કારણ, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું કારણ. ગુરુદેવે તો આજે તો બધાના ઘેર આવીને (-શ્રી સમયસાર ગાથા-૧ ઉપરના ટેપ-રેકોર્ડેડ પ્રવચન દ્વારા પધારીને) દરેકના ફળિયામાં સિદ્ધોની સ્થાપના કરી ગયા છે, હવે આપણા ગુરુનું નામ લજાવવું ન જોઈએ, આપણે પણ વહેલાં વહેલાં સિદ્ધ થઈએ-એ વાસ્તવમાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ.

[ ૯૨ મી જન્મજયંતીના શ્રદ્ધાંજલિ-ભાષણમાંથી ]

* * *

# શ્રદ્ધાંજલિ

ડૉ. હુકમચંદજી ભારિલ્લ, જયપુર

પૂજ્ય ગુરુદેવશ્રીકી અનુપસ્થિતિમેં આજ હમ પહલી બાર ઉનકી જન્મજયંતી મના રહે હૈં. લેકિન વો પ્રસન્નતાકી રેખા હમારે ચેહરે પર ઇસ જન્મજયંતીમેં કહીં નહીં દેખ સકેંગે. વાસ્તવમેં એ તો ઉનકા જન્મમંગલ દિવસ હૈ. ઇસકો તો હમેં ઉત્સાહ કે રૂપમેં હી મનાના ચાહિયે. લેકિન વો ઉત્સાહ હમ કહાંસે લાયેં ?....વિચારના ચાહિયે કિ ઉનકે હૃદયમેં કિતની અનંત કરુણા થી, જબ જબ ઉનકા પ્રવચન બંધ હી રહા તો દશ મિનિટકો ભી સભામેં યહાં બિરાજતે થે ઔર લોગ ઉનકે દર્શન કરને જાતે થે તો અપને શરીરકી બિમારીકી ચર્ચા ન કરકે–કમ કરકે, મુખ્ય મુખ્ય સિદ્ધાંતોકો વો રોજાના દોહરાયા કરતે થે. માનો હમ લોગોંકો કુછ દે જાય. થક જાને કે બાદ ભી, જબાન થક જાને કે બાદ ભી, શરીર થક જાને કે બાદ ભી ઉનકે અંતિમ રોમરોમમેંસે વો તત્ત્વકા ઉપદેશ, વો વૈરાગ્યકી પ્રેરણા હમકો પ્રાપ્ત હોતી રહી હૈ. લેકિન આજ વો પ્રેરણા ઉસ ભાષામેં ઉસ અધિકારકે સાથ પ્રાપ્ત હોનેકી સંભાવના સમાપ્ત પ્રાયઃ હો ગઈ હૈ. કલ પૂજ્ય બહેનશ્રીકે પાસ ભી હમ ગયે થે તો ઉન્હોંને ભી એક વાક્ય બોલા થા 'ભાઈ! જો કુછ કરના હો, સત્ય-પ્રચારકા ભી વિકલ્પ હો તો એક બાતકો આગે રખકર જો પૂજ્ય ગુરુદેવશ્રીને કિ હૈ **"આત્માકા અનુભવ કરના ઇસ મનુષ્ય ભવમેં** હૈ ઔર કુછ દૂસરી બાત નહીં" વો ભી બોલનેકી અધિક સ્થિતિમેં નહીં હૈ. લેકિન **એક શબ્દમેં ઉન્હોંને સારા ગુરુદેવકી વાણીકા સાર હમકો બતા દિયા થા.**

જો બાત અંતિમ સાંસ તક ઉનકી વાણીસે નીકલતી રહી વો આજ હમારે પાસ કમ નહીં હૈ. યદિ હમ ઉસે કાગજ પર લિખેં ઔર ફેલાયેં, હો સકતા હૈ દિલ્હીસે બમ્બઈ તક કી પુરી લાઈન ભર જાયેગી લેકિન વો કાગજ સમાપ્ત નહીં હોંગે. સંગેમરમર કે પાટિયોં પર લીખેં સારે હિન્દુસ્તાન કે મંદિર ભર જાયેંગે, વો વાણી સમાપ્ત નહીં હોગી. કયોંકિ વો અપ્રતિહતરૂપસે ૪૫-૪૬ વર્ષ તક દો ટાઇમ ઔર એક ઘંટા ચર્ચામેં નિરંતર ખિરતી રહી હૈ. ઉસકે સંકલનકા કામ બહોત હૈ. યદિ હમ માનતે હૈ કિ ગુરુદેવશ્રી તીર્થંકરકા યોગવાલે મહાત્મા થે મહાન પુરુષ થે, તો ઉનકી વાણી કા સંકલન હોના હી ચાહિયે. અન્યથા તીર્થંકરકી વાણીકા સંકલન હોતા હૈ ઔર હમ ઉનકી વાણી કા સંકલન નહીં કર પાયેં ! યહ હમારા સૌભાગ્ય હૈ કિ હમ ઐસે યુગમેં પૈદા હુએ હૈ કિ ઉનકી વાણી ઉનકે શબ્દોમેં આજ ભી હમારે પાસ મૌજુદ હૈ. ભગવાન મહાવીર કે જમાનેમેં યહ સુવિધા નહીં થી. **આજ ઉનકી વાણી હમારી ટેપોમેં મૌજુદ હૈ.** કલ હમ ટેપ ડિપાર્ટમેન્ટમેં ગયે થે તો વહાં બતાયા કિ યહાં ગરમી બહોત હૈ તો ટેપ હૈ વો વિકૃત હો રહી હૈ. વાસ્તવમેં હમારે રોંગટે ખડે હો ગયે કિ 'કાલ' જિસને હમસે

ગુરુદેવકો છીના હૈ, ઉનકી યહ વાણી જો ટેપમેં હૈ વો હમસે છીન ન જાય. મુઝે બહોત પ્રસન્નતા હોતી હૈ કિ ટ્રસ્ટીઓને ઉસ બાત પર અનુભવ કિયા ઔર ઉસકા ડુપ્લીકેટ કરનેકા નિર્ણય લીયા. લેકિન દો પ્રતિયોં સે કામ નહીં ચલેગા. મેરા તો પ્રત્યેક મંડલસે અનુરોધ હૈ કિ ઉનકી સારી ડુપ્લીકેટ કરાકે હર મંડલમેં વો રહેની ચાહિએ. હર મંડલોમેં ઉસકા પ્રતિદિન એક ઘંટેકા ગુરુદેવકા ટેપ ચલના હી ચાહીએ. તો ટેપોકી સુરક્ષાકી હી બાત નહીં બલ્કિ વો આવાજ સારે મંડલોમેં નિરંતર ગુંજતી રહે ઉસકા સંકલ્પ ભી હમેં કરના હૈ. વો ગુરુદેવશ્રી જો લોગ કહતે હૈં કિ ચલે ગયે વો તો જાનેવાલે થે, હમ ભી એક દિન જાનેવાલે હૈ, લેકિન વો વાસ્તવમેં સચ્ચે ગુરુદેવ સુબહ હમકો યાદ રોજાના દિલાયેંગે. જો પ્રેરણા હમેં નહીં મિલ સકતી હૈ, ઉનકી ટેપમેં વો પ્રેરણા મિલેગી. **ધનકો ધૂલ સુનના હૈ તો ઉનકી ટેપોમેંસે સૂન સકતે હો.** તો ઇસલિયે ઇસ તરફ ઓર વિશેષ ધ્યાન દિયા જાના ચાહિએ. ઇસી પ્રકાર હમ યે સંકલ્પ કરકે ઉઠે કિ પંચ પરમાગમોં પર ઉનકે હુયે વ્યાખ્યાન જલ્દી કાગજ પર આ જાયે. મૈં ઇસકો ઇસ જન્મજયંતીકા ઉપલબ્ધ માનતા હું કિ હમ ટેપોકોં ઘર ઘરમેં પહોંચાયેંગે, વાણીકો કાગજ પર લાયેંગે,—ઇસ પવિત્ર ભાવનાકે સાથ મૈં ગુરુદેવશ્રીકો અપની શ્રદ્ધા અર્પણ કરતા હું.

[ ૯૨ મી જન્મજયંતીના શ્રદ્ધાંજલિ–ભાષણમાંથી ]

### ❋ મહાપુરુષના કોમળ હૃદયની ઉદાર વાત્સલ્યતાનો પ્રેરક પ્રસંગ ❋

એક ત્યાગી વ્રતી વિદ્વાન લેખક વ્યક્તિને અધ્યાત્મતત્ત્વની સત્યતા નહીં બેસવાથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવી રહેલા અધ્યાત્મતત્ત્વનો અનેક વર્ષો સુધી ખૂબ જ વિરોધ કરતા હતા. એક વખત પોતે કરેલા વિરોધનો પશ્ચાત્તાપ થતાં રડતાં હૃદયે આંખોમાંથી વહેતાં આંસુઓથી હાથ જોડી પૂજ્ય ગુરુદેવ સમક્ષ અને મુમુક્ષુઓના હાજરીમાં માફી માંગી રહ્યા હતા, ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ વાત્સલ્યતા સહિત મધુરતાથી આશ્વાસન આપતા કહ્યું કે ઈ વાત જ ભૂલી જવી, અમારે ઈ સાંભળવું નથી, સત્યની સ્વીકારતા થઈ એ જ અમે જોઈએ છીએ. એ પ્રસંગને રાત્રિ ચર્ચામાં યાદ કરી પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું કે એ માફી માગતા હતા ત્યારે મને તો શરમ થતી હતી.

અહા ! મહાપુરુષના હૃદયની કોમળતા ને ઉદારતાના વાત્સલ્યમય આવા અનેક પ્રસંગો આપણને સૌને મહાભાગ્યે જોવા જાણવા ને સાંભળવા મળેલ છે. તેને આપણા હૃદયમાં વણી લેવા એ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમીપતાનું સાર્થકપણું છે.

૯૨મી જન્મજયંતીના પુનિત અવસરે

# ધર્મપિતાને ભાવભીની ભક્ત્યંજલિ

—બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

આજે આપણે આપણા પરમ કૃપાળુ પૂજ્ય કહાનગુરુદેવનો ૯૨ મો જન્મજયંતી-સમારોહ ઊજવી રહ્યા છીએ. અનેરા આનંદોલ્લાસથી તેઓશ્રીની મંગલ જન્મજયંતી દર વર્ષે આપણે ઊજવતા આવી રહ્યા છીએ. પૂજ્યશ્રીની અનુપસ્થિતિને લીધે આ જન્મ-જયંતીનું વાતાવરણ ઉદાસીથી છવાયેલું છે—ગુરુવિયોગના વિષાદથી ભરેલા ભારે હૃદયે આપણે આ સમારંભ ઊજવી રહ્યા છીએ.

પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.

શ્રીમદ્જી આ કડીમાં એક શરત જણાવે છે કે જીવને આત્મકલ્યાણના વિચારો ત્યારે જ ઊગી શકે કે પરોક્ષ વર્તતા જિન કરતાં—જોકે વ્યવહારે પંચપરમેષ્ઠીનું પદ સદા ઊંચું છે તોપણ પરોક્ષપણે વર્તતા તે પરમેષ્ઠીઓ કરતાં—સાક્ષાત્ આત્મબોધદાતા પ્રત્યક્ષ સદ્ગુરુનો ઉપકાર સદા અધિક છે, અચિંત્ય છે એવો લક્ષ રહ્યા કરે. સ્વાનુભવી સદ્ગુરુનો પ્રત્યક્ષ ઉપકાર હૃદયમાં અધિકપણે કોતરાયા વિના જીવ આત્મવિચારો ઊગવાને અધિકારી થતો નથી. પ્રત્યક્ષ સદ્ગુરુનો આવો કોઈ અલૌકિક ચમત્કારભર્યો મહિમા છે.

પરમ કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા મુમુક્ષુસમાજ ઉપર કોઈ અચિંત્ય અનંત અનંત ઉપકાર છે. આ યુગની એ અસાધારણ વિભૂતિનો અદ્ભુત મહિમા—તેમનું અંતર્બાહ્ય ચમત્કારભર્યું સ્વાનુભૂતિસમૃદ્ધ વિશુદ્ધ વ્યક્તિત્વ, માર્ગપ્રભાવનકૌશલ્ય, જિજ્ઞાસુઓને મુમુક્ષુતાના પંથે ચડાવનાર અનેકવિધ ઉપકારો તેમ જ શરણાગત પ્રત્યે વિશિષ્ટ આધ્યાત્મિક કૃપાદૃષ્ટિ વગેરે—નાં ગુણગાન કરી શકવાનું આ પામર જીવમાં સામર્થ્ય નથી. તેમના મહિમાની અચિંત્યતા તથા અદ્ભુતતાની તો શી વાત! શો તેમનો અસાધારણ આધ્યાત્મિક વૈભવ—નિજ-શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય પ્રત્યેના જોરવાળાં સ્પંદનોથી સદા ધબકતું અંતર્જીવન! શી તેમની સ્વાનુભૂત પરમાર્થતત્ત્વને પ્રવચનોમાં તેમ જ પ્રશ્નોત્તરીમાં પીરસવાની અનુપમ કળા! શું તેમનું વીતરાગ જિનેન્દ્રદેશનાના શુદ્ધાત્મદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક-અંગને દેશવિદેશમાં પ્રસારનારું અલૌકિક નિર્ભીક પ્રભુત્વ!!

આવી પવિત્ર વિભૂતિનો શો મહિમા ગાઈ શકાય! આ યુગમાં આ મહાપુરુષની મહત્તાનું મૂલ્યાંકન કંઈ ઓછું નથી, મહાન છે.

'मंगलं भगवान् वीरो...' એ સ્તુતિપદમાં ગૌતમ ગણધર પછી 'मंगलं कुन्दकुन्दार्यो'

કહીને ભગવાન કુંદકુંદાચાર્યનું સ્મરણ કરવામાં આવ્યું છે; ગણધર ગૌતમસ્વામી અને શ્રી કુંદકુંદાચાર્યદેવ વચ્ચે શ્રી ભદ્રબાહુસ્વામી વગેરે ઘણા આચાર્યો થઈ ગયા છે; સ્તુતિમાં તેમનો ઉલ્લેખ ન કરતાં ભગવાન કુંદકુંદાચાર્યનો ઉલ્લેખ કરવામાં હેતુ શો છે?!! આમ થવામાં સંભવતઃ આ હેતુ ધ્વનિત થાય છે કે શ્રી ભદ્રબાહુસ્વામી વગેરે આચાર્યોના સમયમાં ભગવાન મહાવીરસ્વામીનો આધ્યાત્મિક રાજમાર્ગ અવિકળપણે ચાલુ પ્રવર્તમાન હતો; શ્રી કુંદકુંદભગવાનની ઉદ્ભૂતિ એવા સંધિકાળમાં થઈ હતી કે જ્યારે મહાવીરના નામે ચાલતો બીજો સંપ્રદાય નીકળ્યાને અંદાજ સો વર્ષ થઈ ગયાં હતાં; માર્ગમાં અનેક પ્રકારની વિકૃતિઓ, શિથિલાચાર વગેરે દાખલ થઈ ચૂકયાં હતાં—સનાતન સત્ય વીતરાગ દિગંબર માર્ગનો લોપ થવાનાં ચિહ્નો દેખાઈ રહ્યાં હતાં; એવા એ વિષમ યુગમાં પરાપર ગુરુપ્રસાદથી પ્રાપ્ત કરેલી શુદ્ધાત્મતત્ત્વપ્રમુખ અધ્યાત્મવિદ્યાના બળથી કુંદકુંદાચાર્યદેવે મહાવીરના વીતરાગ માર્ગને ટકાવવામાં, ઉદ્યોત કરવામાં—જિનેન્દ્રશાસન-મહેલને ખડો રાખવામાં—એક મહાન સ્તંભ જેવું અદ્ભુત કામ કર્યું હતું, જેથી તેમની પ્રશંસા અને આમ્નાય ઉત્તરવર્તી આચાર્યોએ એકસૂરથી, કોઈ પણ જાતના વિવાદ રહિત, સ્વીકારી છે.

એવી રીતે, શ્રી કુંદકુંદાચાર્યદેવે બતાવેલો ભગવાન મહાવીરનો અધ્યાત્મમાર્ગ જ્યારે ક્રિયાકાંડ અને સાંપ્રદાયિક રૂઢિઓથી દબાઈ ગયો હતો—લુપ્ત થઈ ગયો હતો એવા આ નિકૃષ્ટ વિષમ યુગમાં કૃપાળુ કહાનગુરુદેવનો પાવન ઉદ્ભવ વીરશાસનપ્રરૂપિત અધ્યાત્મ-અંગના નવજીવન—પુનરુદ્ધાર માટે અનુપમ મંગલમય તેમ જ શ્રેયસ્કર સિદ્ધ થયો છે. તેમની પાવન કરુણાથી વીર-કુંદની અધ્યાત્મગંગાનાં સ્વાદુ નિર્મળ નીર દેશવિદેશમાં જિજ્ઞાસુઓની તૃષા છિપાવી રહ્યાં છે—ઘરે ઘરે, જન-જન સુધી સમયસારનાં મધુર વહેણ પહોંચી ગયાં છે. ખરેખર, આ મહાપુરુષે પોતાના પવિત્ર અધ્યાત્મબળે તેમ જ સાતિશય પૂર્વસંસ્કારના પાવન યોગે, ભગવત્કુંદકુંદાચાર્યની જેમ, આ શતાબ્દિમાં તિમિરાચ્છાદિત વીરનાથના અધ્યાત્મમાર્ગને અતિશયપણે પ્રકાશિત કરનાર એવા એક અનુપમ જ્યોતિસ્તંભ તરીકે અદ્ભુત કાર્ય કર્યું છે; તેથી ઉપકૃતભાવનાભાવિત હૃદયો—મુમુક્ષુ ભક્તસમાજ—આ યુગના 'કુંદકુંદ' કહી તેમનું ભક્તિભાવભીનું બહુમાન કરે તેમાં જરાય અતિશયોક્તિ નથી. આ કળિકાળના એક અદ્ભુત આશ્ચર્ય એવા આપણા આ પ્રત્યક્ષ ઉપકારી અધ્યાત્મયુગપુરુષને—કૃપાસાગર કહાનગુરુદેવને—આજે તેમની ૯૨ મી જન્મજયંતીના પાવન પ્રસંગે હૃદયના ઊંડાણથી ઉપકૃતભાવનાભીની ભક્ત્યંજલિ સમર્પિત કરું છું. સદા જય હો, વિજય હો તે ઉપકારમૂર્તિ કૃપાળુ ગુરુદેવનો!

* * *

## * જિનકી અદ્વિતીય પ્રતિમા હર ધડકન ઔર હર સાંસ મેં ટંકોત્કીર્ણ હૈ *

ઐસે સત્પુરુષ મહાપુરુષ, લોકોત્તર પુરુષ, ક્રાંતિકારી પુરુષ, શાસન સમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીકે ચરણ કમલોં મેં અત્યન્ત ભક્તિપૂર્વક કોટિ કોટિ વન્દન.

* સમુદ્રકે મધ્ય મેં સ્થિત **પ્રકાશસ્તમ્ભ** દ્વારા જહાજોંકો યદિ માર્ગદર્શન ન મિલતા હોતા, તો વે જહાજ અપની મંજિલકો કૈસે પ્રાપ્ત કરતે? ઠીક ઉસી પ્રકાર **ચૈતન્યજ્યોતિકે દિવ્ય પ્રકાશસે** જિનકા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ઔર ભવ જગમગ થા, ઐસે **દિશા દર્શક**કા વર્તમાન જિન શાસન મેં **મંગલ ઉદય** ન હુઆ હોતા, તો ભવ્ય જીવોંકે સંસાર સમુદ્રકા કિનારા કૈસે નિકટ આતા?

* સમ્પ્રદાયકે કટુ પ્રહાર ઔર શાસન મેં વિરોધકી તીવ્ર બૌછારેં ભી જિસ **લોહપુરુષ** કો **નગ્નસત્ય** દર્શન કરાનેસે નહીં ડિગા સકે.

* ગ્રીષ્મઋતુકી ભીષણ લૂ કી થપેડે ઔર શિશિર ઋતુકી ચીરતી હુઈ શીત લહરેં એવં સ્વાસ્થ્યકી અનેક પ્રતિકૂલતા મેં ભી જિસ **અવિચલિત ચેતના વિલાસ મૂર્તિ**કો શાસનકી પ્રભાવના કરનેસે વિચલિત નહીં કર સકી.

* ઉષાકાલસે સાંયકાલ તક જિસ **કલ્યાણમૂર્તિ**કા અધિકાંશ સમય મુમુક્ષુઓંકે બીચમેં મુમુક્ષુઓંકે કલ્યાણકે લિયે હી વ્યતીત હોતા થા.

* માર્ગકી દૂરી ઔર કઠિનાઈયોંસે થક કર પહુંચે હુયે ભક્તગણ જિસ **મંગલ મૂર્તિ**કે દર્શનમાત્રસે હી રાહતકી સાંસ લેતે થે.

* ચૈતન્યસાગર મેં ડુબકી લગા લગાકર જિસ **ચૈતન્યચક્રવર્તી**કે મુખ કમલસે નિકલા હુઆ એક એક શબ્દ શ્રોતાઓંકે હૃદય પર સીધા અસર કરતા થા.

* જિનેન્દ્ર શાસનકી અતિશય પ્રભાવના કરકે, દિવ્યધ્વનિકે ગંભીર રહસ્ય એવં સૂક્ષ્મ ન્યાય ભેટ કરકે જિસ **યુગ પુરુષ**ને જૈનધર્મકે ઇતિહાસ મેં **કહાન યુગ**કા એક અવિસ્મરણીય અધ્યાય જોડા.

* ૪૫ વર્ષકી જિસ **સાધનાકાર**કી સતત સાધનાસે સોનગઢ સ્વર્ણપુરી મેં પરિવર્તિત હુઆ, સોનગઢ ચૈતન્યતીર્થધામ બના, એવં સોનગઢ જૈનદર્શનકે નકશે મેં અંકિત હુઆ.

* ઐસે વિલક્ષણ વ્યક્તિત્વકે ધની, સમયસારકે રસિક, સત્યકે શિલાન્યાસ કર્તા, ક્રમબદ્ધપર્યાયકે ઉદ્‌ઘાટનકર્તા, દ્રવ્યદૃષ્ટિકે દાતા, દીપકકી ભાંતિ સ્વપર પ્રકાશક, ભવ ભંવરસે નિકાલને મેં અંતરંગનિમિત્ત, સોનગઢકે વિધાતા ત્રિકાલવર્તી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી એવં ઉનકી શાસનકો ચમત્કારિક દેન **ત્રિકાલ જયવન્ત હો! જયવન્ત હો!**

—મહેશચંદ્ર જૈન, ભોપાલ.

# " દૂજકા ચન્દ્રમા "

[ કેશરીચન્દ 'ધવલ' ( કોથલી ) ]

જીવનમેં સ્વયં કે અસ્તિત્વકા પૂર્ણ ચુંબન તથા વીતરાગવિજ્ઞાનકા સંગીત જિસ ચેતનામેં અપનેકો પરિપૂર્ણ સ્વાધીન સ્વતંત્રરૂપસે અભિવ્યક્ત કરતા હૈ. ઉસ જાગૃત ચેતનાકો વર્તમાન સમયમેં કહાનશ્રી કહતે હૈં.

જો હમેં અંતસ્તલમેં છિપે તત્ત્વકી ઓર સદા ઇશારા કરતે થે, કયોંકિ હમારી આંખ આજ તક ઉસ ઓર ગયી નહીં જિસ ઓર કેન્દ્ર હૈ. આંખ સદા ઉસપર લગી રહી. જો પલભરમેં અપના અસ્તિત્વ મિટા લેતા હૈ. ઓરિજનલ ચેહરા છોડકર પરછાંઈકો અપના બનાનેમેં સમય વ્યતીત કરતે હૈં. ફિર ભી પરાયા પરદેશી અપના હો સકા નહીં, વહ ચલ દેતા હૈ હમ રો લેતે હૈં. આકુલ-વ્યાકુલ હો જાતે હૈં. ઇસ આદતકો સદા કે લિયે સમાપ્ત કરના હો તો હમેં ઉસ ઇશારે કો સમઝના પડેગા, જો જીવન ચેતનાકે જાગૃત ધની શ્રી કહાન ગુરુદેવ કરુણામય હોકર કહતે થે. આજ ભી ઉનકા સિંહનાદ રોમરોમમેં ગૂંજ રહા હૈ.

જિસ ઓર ઇશારા હો રહા હૈ વહ પરમ તત્ત્વ અન્ય કોઈ નહીં, અપના હી નિજત્વ હૈ. જો એકત્વ નિશ્ચયકો પ્રાપ્ત સમય હૈ વહ સબ જગહ સુન્દર હૈ, પરમ શ્રેષ્ઠ હૈ. એકત્વ વિભક્ત સ્વરૂપ જો અસ્તિત્વ હૈ વહ મેરા હી નિજ વૈભવ હૈ. અપની હી ગહરાઈમેં છિપા, નવતત્ત્વોંકી તરંગોંસે જુદા અનમોલ મોતી હૈ. ઉસે પાનેકો અપની આંખસે અપનેમેં દેખને કી હી આવશ્યકતા હૈ. જિસને દેખા, જાના, ઔર પાયા હૈ વહ ધન્ય હો ગયા હૈ. જો—નિજત્વકા કેન્દ્ર હૈ વહ સાતતત્ત્વ નવપદાર્થમેં હી અપને એકત્વકી સુંદરતાકો, ઉન સબસે ભિન્ન રખતા હુઆ વિદ્યમાન હૈ ઉસકે બોધકે અભાવમેં હમારે જીવનમેં અંધકાર હૈ. અનાદિકે મિથ્યા અંધકારકો પલભરમેં દૂર કરના હો તો દૂજકે ચન્દ્રમા ( કહાનશ્રી ) કે, સમયસારકા સંગીત હી ઉપાય હૈ. દૂજ કે ચન્દ્રમાકા દર્શન તો સમ્યગ્જ્ઞાનકો હોતા હૈ, જો ભવિષ્યકા ભગવાન હોતા હૈ. જિસે ભી મિલા હૈ દૂજકા ચન્દ્રમા વહ અંધેરેસે સદા મુક્ત રહનેવાલી પૂર્ણમાસીકો નિયમસે પાતા હૈ. આત્મા સદા મુક્ત સ્વરૂપ હી હૈ યહ સંગીત જીવનભર સાદિ અનંત કાલ તક ચલતા રહતા હૈ.

જિસકા જીવનસાથી સમ્યક્ દર્શનકા સૂર્ય તથા સમ્યક્ જ્ઞાનકા ચન્દ્રમા હૈ ઉસકે સંયમકી દુનિયામેં ન દિનમેં અંધેરા હૈ ન રાત્રીમેં અંધેરા હૈ કયોંકિ પ્રકાશ પુંજ સદા સાથ હૈ આજ તક અનેકોંને ઇસે અપનેમેં પાયા હૈ. ઔર કરુણામયવાણીસે કહનેકા કુછ પ્રયાસ કિયા હૈ. જિન્હોંને ઇસ ઇશારેકો સમઝ લિયા હૈ. ઉન્હોંને હી અપના નિજ વૈભવ પાલિયા હૈ. પાનેકા અધિકાર સબકો હૈ પરંતુ જો ઇશારા સમઝ લેતા હૈ વહી પાતા હૈ. જિસને જાના હૈ ઉસને હી પાયા હૈ જો આજતક બીજમેં બન્દ પડા થા જિસ સમય

અપના સ્વરૂપ જાના ઉસી સમય અજ્ઞાનતાકે કારાગૃહસે મુક્ત હો ગયા હૈ. પૂજ્ય ગુરુદેવશ્રી તો ઇસ ઘટનાકે પ્રત્યક્ષ જીવંત ઉદાહરણ હી થે. મતાગૃહકી કડિયોંકો તોડકર પંથ—વ્યામોહકે બન્દીગૃહસે અપને આપકો મુક્ત કિયા થા ઔર અનેકોકો મતાગૃહ કે કારાગૃહસે મુક્ત હોનેકે લિયે સિંહગર્જનાસે લલકારા કરતે થે. વહ લલકાર આજ ભી દેશવિદેશ ટેપધ્વની કે રૂપમે ગુંજ રહી હૈ.

**હે સાહસકે ધની:**—આપને મતાગૃહકે મલિન વસ્ત્રકો ઉતારકર, દિગમ્બર વીતરાગ દેવ, ગુરુ, ધર્મકે શાશ્વત સિદ્ધાંતકો વિવેકમય વિનયસે સ્વીકાર કિયા હૈ આપકી રોશનીકો અપના સહચર બનાકર અનેકોંને દિગમ્બર દેવ, ગુરુ ધર્મકો અપનાયા હૈ ઈસકા જાગૃત સબૂત ગુજરાત, કાઠિયાબાડમેં અનેક ગગનચુંબી જિનાલય વ્યક્ત હુએ હૈં । ઇસે તો મૈંને મેરી આંખસે દેખા હૈ તથા ભારતકે કોને કોનેમેં સ્વાધ્યાયકા સંગીત ગુંજ રહા હૈ । ધર્મ ઔર ધર્માયતનકી પ્રીતિ સાધર્મીસે બાત્સલ્ય તત્ત્વ વિરોધીકે પ્રતિ કરુણા, વ્યવહારકી સુંદરતા નિશ્ચયકી નિર્મલતાયે આપમેં સબ પાયા જાતા થા પરંતુ કુલ પરંપરાકે મોહિત જનોંને આપકો કભી ભી અપની ખુલી આંખસે દેખનેકા પ્રયાસ કિયા નહીં । વ્યર્થકી અફવાહમેં સમય વ્યતીત કર જગતકો ગુમરાહ કરનેકા મજા લેતે રહે । લેકિન ખુલે આકાશમેં નિવાસ કરનેવાલે સત્યકો કિસી ભી પ્રકાર છિપાયા જાતા નહીં । આપકા અસ્તિત્વ તો જીવનકી ખુલી કિતાબ હૈ । કોઈ ભી પઢકર સત્યતાકો પા સકતા હૈ । આપસે જિન ધર્મકે ઉપદેશકો શ્રવણ કરનેવાલા અપને કેન્દ્રકો પાલેતા હૈ. મૈં સ્વયં હી મેરી મંઝીલ હું મેરે લિયે મૈં સ્વયં પરિપૂર્ણ હૂં । કિસી અન્યકી જરૂરત હી નહી હૈ ઇસ ગર્જનાકો સુનને વાલા હી પરકી ગુલામી છોડકર અપને ઘરમેં નિવાસ કરતા હૈ ।

**હે ઉપકારી:**—આપકા હોના તો શ્રમણ સંસ્કૃતિકે જૈનધર્મકા નવીન સંસ્કરણ હી થા. નવજીવનકી સુન્દરતા તથા જિનધર્મકા કલ્યાણમય માંગલિક ઉત્સવ હી હૈ. એકત્વ વિભક્ત આત્મા વ્યક્ત રૂપ હી હૈ. જીવનકે માંગલિક ઉત્સવ મેં જો સત્યતા હૈ ઉસે કોઈ ભી બુદ્ધિકે તર્કસે ન પાસકેગા. ઉસે તો ચૈતન્યકે અનુભવનકા પ્રત્યક્ષ મિલન હી ચાહિયે. અપને એકત્વ વિભક્તકી સુન્દરતા દેખનેકો ભેદજ્ઞાનકો આંખ હી સમર્થ હૈ. ચામકી આંખકા યહ કામ નહીં. ભેદવિજ્ઞાનકો આંખકે પ્રદાતાને તો અપને દેવતાકો દેખનેકા અનુકૂલ યોગ પ્રદાન કિયા હૈ. જો ભી દેખ લેતા હૈ વહ સદાકે લિએ મતાગૃહસે સ્વયં મુક્ત હો જાતા હૈ.

**સ્વતંત્રતાકે સંગ્રામ સેનાની:**—આપને કણ કણકો સ્વતંત્રતાકા રહસ્ય ખોલ દિયા હૈ. દ્રવ્ય, ગુણ, પર્યાયકે અસ્તિત્વકો સ્વાધીનતાકા સુન્દર સંગીત આપકી જીવન સિતારસે આજ ભી સુનનેકો મિલ રહા હૈ અપને સ્વત્વકી ઘોષના હી સમ્યક્ દર્શન હૈ. જિન ધર્મકા મૂલ હૈ. સંયમ પાનેકા સાહસ હૈ. સર્વજ્ઞ હોનેકી પ્રથમ કલા હૈ. ઇસ ઘોષણા મેં

[ અનુસંધાન પાના ૩૩ ઉપર ]

## ભક્તિભાવે સોનગઢમાં ઉજવાયેલો

# ૯૨ મો જન્મજયંતી-ઉત્સવ

'રાગ ને ભેદથી પણ રહિત શુદ્ધ, બુદ્ધ, અખંડ, ઉદાસીન એવા આત્માનો આશ્રય કરવો તે જન્મ-મરણના નાશનો ઉપાય છે.'—એવા પ્રાતઃ આશીર્વચન કહેનારા કરુણાસાગર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં વિરહવેદનના ભારે હૃદયે પ્રથમવાર તેમની જન્મજયંતીનો ઉત્સવ સોનગઢમાં ઉજવાઈ ગયો. વૈશાખ સુદ બીજ એટલે મંગલકારી દિવસ; પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૨ મી જન્મજયંતીના આ મંગલકારી દિવસે ભક્તિભાવે લગભગ બે હજારની સંખ્યામાં મુમુક્ષુઓએ જન્મ-મંગલ-દિન ઉલ્લાસથી ઉજવ્યો હતો. ગુરુજન્મ જયંતીનો ઉલ્લાસ દેખાવા છતાં આંખોમાંની ભીનાશ અછતી રહેવા પામી ન હતી. મુમુક્ષુઓના સર્વસ્વ એવા ધર્મપિતાની ૯૨ મી જન્મજયંતી ઉજવવાનો ઉલ્લાસ પણ હતો ને તેઓશ્રીના વિરહની વ્યથા પણ સાથેસાથ જ હતી.

દર વર્ષની માફક સવારે વહેલાં દર્શનવિધિનો કાર્યક્રમ તો હતો જ, પરંતુ સાક્ષાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના બદલે તેમની ભવ્ય મુખમુદ્રાવાળા ફોટા સમક્ષ દર્શનવિધિનો કાર્યક્રમ પરમાગમ મંદિરમાં રાખવામાં આવ્યો હતો. પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન નાદુરસ્ત તબિયત હોવા છતાં વહેલી સવારે દર્શન-વિધિ માટે પધારેલા, તેમ જ પૂજ્ય શાંતાબેન, માનનીય મુ. શ્રી રામજીભાઈ તથા સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોએ પૂજ્ય ગુરુદેવશ્રીના ફોટા સમક્ષ તેઓશ્રીના ઉપકાર-મહિમાની સ્તુતિ દ્વારા શ્રદ્ધાભક્તિ વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ આ પાંચ દિવસીય—તા. ૨-૫-૮૧ થી તા. ૬-૫-૮૧—જન્મજયંતી સમારોહના ઉપલક્ષમાં રાખવામાં આવેલી શ્રી પંચપરમેષ્ઠી-વિધાન-મંડલ-પૂજા કરવામાં આવી હતી. પૂજા બાદ 'અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ'—એવા કોલકરારયુક્ત આશીર્વચનો ફરમાવતું શ્રી સમયસારની ૧ લી ગાથા ઉપરનું પૂજ્ય ગુરુદેવશ્રીનું તા. ૧૨-૬-૭૮ નું ટેપ-રેકોર્ડ કરેલું પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રીના પ્રવચન પછી ૯૨ મી જન્મજયંતીના ઉપલક્ષમાં રાખવામાં આવેલ શ્રદ્ધાંજલિ-વક્તવ્યના કાર્યક્રમમાં પં. શ્રી હિંમતભાઈ જે. શાહ, પં. શ્રી ખીમચંદભાઈ શેઠ, ડૉ. હુકમીચંદજી ભારિલ્લ અને પં. શ્રી બાબુભાઈ ફતેપુરવાળાએ પોતાની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી. બપોરના પ્રવચન પહેલાં શ્રી સતીશભાઈ (મુંબઈ), પં. જ્ઞાનચંદજી (વિદિશા),

શ્રી હીરાભાઈ ( દહેગામ ), શ્રી હસમુખભાઈ મોદી ( મુંબઈ ), શ્રી પુષ્પાબેન અને બ્ર. ચંદુભાઈએ પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. બીજા ઘણા મુમુક્ષુઓ પણ બોલવા માંગતા હતા, પરંતુ સમયના અભાવને લઈને તેમ થઈ શક્યું નહતું. છેલ્લે બપોરના પ્રવચન બાદ પૂજ્ય શાંતાબેને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી તથા એક સમૂહભક્તિ ગવરાવી હતી. સવારે તથા બપોરના પ્રવચન બાદ શ્રી કુંદકુંદકહાન દિ જૈન ભજનમંડળી ઘાટકોપરની, ભાવભરી ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* તા. ૨-૫-૮૧ થી તા. ૬-૫-૮૧ સુધીના જન્મજયંતી મહોત્સવમાં ભાગ લેવા અનેક ગામેથી મુમુક્ષુઓ સોનગઢ આવ્યા હતા.

* આ શુભ પ્રસંગે શ્રી છોટાલાલ ડામરશી ધ્રાંગધ્રાવાળા તરફથી શ્રી પંચ-પરમેષ્ઠી-વિધાન-મંડલ-પૂજા રાખવામાં આવી હતી.

* મહોત્સવ દરમિયાન રોજ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-રેકોર્ડેડ પ્રવચન, ત્યારબાદ ડૉ. હુકમીચંદજી ભારિલ્લનું પ્રવચન, બપોરે પ્રવચન પહેલાં ને પ્રવચન પછી શ્રી કુંદકુંદ કહાન ભજનમંડળી ( ઘાટકોપર )ની ભક્તિ, બપોરે પં. શ્રી જ્ઞાનચંદજી ( વિદિશા )નું પ્રવચન, સાંજે ભજનમંડળી દ્વારા ગુરુભક્તિ, ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-રેકોર્ડેડ પ્રવચન અને છેલ્લે ડૉ. હુકમીચંદજીનું પ્રવચન—એમ ભરચક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

* જન્મજયંતીના ઉપલક્ષમાં બીજના દિવસે સાદુ સ્વામીવાત્સલ્ય ભોજન રાખવામાં હતું.

* વૈશાખ સુદ બીજના દિવસે બપોરે ડૉ. પ્રવિણભાઈ દોશીનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. ત્રીજના દિવસે પણ તેઓશ્રીનું પ્રવચન રાખવામાં આવ્યું હતું.

* વૈશાખ સુદ ત્રીજના દિવસે સવારે શ્રી પંચપરમેષ્ઠી-વિધાન-મંડલ-પૂજાની પૂર્ણતાના ઉપલક્ષમાં જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા કાઢવામાં આવી હતી. ૧૦ વાગ્યે શ્રી પંચમેરુ નંદીશ્વરજિનાલયના ખાતમુહૂર્ત માટેની પૂજન-વિધિ શરૂ કરવામાં આવી હતી. બરાબર ૧૧।। વાગ્યાના શુભ-ચોઘડિયે પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનના પવિત્ર કરકમળથી પાયામાં મુકવાની શિલા-ઈંટો ઉપર સ્વસ્તિકનું આલેખન થયું હતું તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પોતાની તબિયતની અનુકૂળતા નહીં હોવા છતાં આ મંગલ શિલાન્યાસવિધિ પોતે પાયા સુધી પધારીને પ્રમોદપૂર્વક કરી હતી જેથી સૌ કોઈને હર્ષ થયો હતો. એ રીતે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલવર્ધિની ઉપસ્થિતિમાં તથા પૂજ્ય શાંતાબેન તથા વિશાળ મુમુક્ષુ સમુદાયની હાજરીમાં નાઈરોબી નિવાસી શ્રી રાયચંદભાઈ દેવનભાઈનાં સુહસ્તે શિલાન્યાસવિધિ ખૂબ જ હર્ષોલ્લાસ પૂર્વક કરવામાં આવ્યો હતો. જિનાલયના શિલાન્યાસ-વિધિનો પોતાને મળેલ લાભની ખુશાલીમાં શ્રી રાયચંદભાઈએ રૂપિયા એક લાખનું દાન જાહેર કર્યું હતું.

* આ પાંચ દિવસીય સમારોહમાં શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલય ખાતે, ૯૨ મી જન્મજયંતી ખાતે, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત તેમ જ પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતના

આરસના પાટીયા ખાતે, આગામી શિક્ષણ-શિબિરના ભોજન ખાતે તથા અન્ય ખાતે લગભગ રૂપિયા ચાર લાખની દાનરાશી મુમુક્ષુઓ તરફથી જાહેર કરવામાં આવી હતી.

* વૈશાખ સુદ બીજના બપોરના પ્રવચન બાદ શ્રી કુંદકુંદ-કહાન-પરમાગમ-પ્રવચન -ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત "પ્રવચન રત્નાકર"ના ભાગ-૪ની પ્રકાશનવિધિ માનનીય પ્રમુખશ્રી રામજીભાઈના સુહસ્તે થઈ હતી.

* વૈશાખ સુદ બીજ તથા ત્રીજના બે દિવસ માટે પ્રવચન-રત્નાકર ભાગ ૧ થી ૪ નું વેચાણ શ્રીમતી જયાબેન હરીભાઈ પારેખ પાલનપુરવાળા તરફથી અડધી કિંમતે રાખવામાં આવ્યું હતું.

* ઉપરોક્ત દરેક કાર્યક્રમમાં ૯૮ વર્ષની વયોવૃદ્ધ અવસ્થામાં માનનીય પ્રમુખ શ્રી રામજીભાઈની હાજરી સૌને પ્રેરણારૂપ બની હતી

—એ રીતે સોનગઢમાં ભક્તિભાવે ૯૨ મી ગુરુ જન્મજયંતી ઉજવાઈ હતી.

❀ ❀ ❀

## ટ્રસ્ટની મિટિંગની રૂપરેખા:—

૯૨ મી જન્મજયંતી સમારોહના સુઅવસર પર લગભગ ત્રણ દિવસ સુધી આપણી સંસ્થાના સર્વે ટ્રસ્ટીઓની મિટીંગ મળી હતી, જેમાં પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવે પોતાની સાતિશય વાણી વડે પ્રકાશેલા વીતરાગમાર્ગના પ્રચાર અને પ્રચાર માટેના અનેક ઉપયોગી નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા. ટ્રસ્ટી મંડળના અગત્યના નિર્ણયોની રૂપરેખા સવારે પ્રવચન બાદ ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ શ્રી ડૉ. પ્રવિણભાઈ દોશીએ રજૂ કરતા કહ્યું હતું કે આપણા આત્મકલ્યાણકારી, આપણા જીવનસર્વસ્વ કૃપાળુ પૂજ્ય ગુરુદેવે આપણને વીતરાગ-માર્ગનો જે સદ્ઉપદેશ પ્રરૂપ્યો છે તેનો પ્રચાર અને પ્રચાર વધુ વેગે પ્રસરે, દેશ વિદેશમાં ઘેર-ઘેર વીતરાગ-માર્ગનો દિવ્યસંદેશ પહોંચે તે માટે અમે સર્વે ટ્રસ્ટીઓએ અનેક ચર્ચા વિચારણાપૂર્વક સર્વ સંમતિએ કેટલાક નિર્ણયો લીધા છે અને તે આપ સૌ મુમુક્ષુઓના સહકાર ને સહયોગ વડે સાકર થશે તેવી અમારી ભાવના છે:—

(૧) પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની કાયમી સ્મૃતિ રહે તેવું ભવ્ય સ્મારક સોનગઢમાં બનાવવું. આ અંગે મુમુક્ષુઓ પાસેથી મંગાવવામાં આવેલા સૂચનો ઉપર સાંગોપાંગ વિચારણા કરીને સર્વસંમતિ પૂર્વક નક્કી કરવામાં આવ્યું કે પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત શ્રી દિ. જૈન પંચમેરુ-નંદીશ્વર જિનાલયનું નિર્માણ કરવું અને પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતો તથા પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના ઉપદેશમાં આધારરૂપ લીધેલાં દિગંબર આચાર્ય મુનિ ભગવંતોના, તેમ જ પં. શ્રી રાજમલજી, પં. શ્રી બનારસીદાસજી, પં. શ્રી ટોડરમલજી, પં. શ્રી જયચંદજી અને પં. શ્રી દોલતરામજીનાં સૂત્રો-કાવ્યો-લખાણોવાળાં ગુરુદેવશ્રીનાં વચનામૃતો તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃતો ઉપરોક્ત જિનાલયની દિવાલોના આરસના પાટિયામાં કોતરવામાં આવશે.

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીના પાર્થિવદેહનો અગ્નિ-સંસ્કાર સ્વાધ્યાય મંદિરના કમ્પાઉન્ડમાં જે સ્થળે કરવામાં આવ્યો હતો તે સ્થળે એક ભવ્ય સમાધિ મંદિર—પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મૃતિ મંદિર—નું નિર્માણ કરવામાં આવશે. આ સમાધિ મંદિરની ડીઝાઈન તથા નકશા સભામાં જાહેરમાં જોવા માટે મૂકવામાં આવ્યા હતા. આ સમાધિ-મંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન સંબંધી ચિત્રપટો આરસમાં કોતરીને દિવાલોમાં લગાડવામાં આવશે.

(૩) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતો સહિત જીવન-ચરિત્ર આલેખતા એક સુંદર ગ્રંથનું પ્રકાશન કરવામાં આવશે.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપયોગમાં આવેલ ચીજ વસ્તુઓ તથા સ્વાધ્યાયમાં તેમ જ પ્રવચનમાં લેવામાં આવેલાં શાસ્ત્રો વિગેરેની યોગ્ય જાળવણી પૂર્વકના એક સુંદર સંગ્રહાલયનું આયોજન કરવું.

(૫) શ્રી સ્વાધ્યાય–મંદિર યથાવત્ જળવાઈ રહે તે રીતે યોગ્ય જાળવણી કરવી.

(૬) ગાંધી–આશ્રમ–સાબરમતી (અમદાવાદ)ની જેમ ધ્વનિ–પ્રકાશનું આયોજન થઈ શકે તેમ હોય તો કરવું.

(૭) બહારગામથી આવતા મુમુક્ષુ–મહેમાનોને સન્માન પૂર્વક આવકારવા–રહેવા–જમવા વગેરેની યથાયોગ્ય સુંદર વ્યવસ્થા કરવી.

(૮) પૂજ્ય ગુરુદેવશ્રીની સંઘસહિતની બન્ને તીર્થયાત્રાઓની, માનસ્થંભ પ્રતિષ્ઠા–મહોત્સવ આદિની ફિલ્મોની સુરક્ષા અંગે યોગ્ય પ્રબંધ કરવો.

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ–રેકોર્ડેડ પ્રવચનોની સુરક્ષા અંગે યોગ્ય પ્રબંધ કરવો તથા પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ–રેકોર્ડેડ પ્રવચનોનો બીજો એક સેટ તૈયાર કરીને અન્ય સ્થળે રાખવો.

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં ગામોગામથી મુમુક્ષુઓ એક સાથે સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા વીતરાગમાર્ગની આરાધના કરે તે હેતુએ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યતિથિ, જન્મજયંતી; શિક્ષણ-શિબિર તથા પૂજ્ય બહેન શ્રી ચંપાબેનની જન્મજયંતી ઇત્યાદિ દિવસોમાં ઉત્સવ ઉજવાશે તથા બહારગામના વિદ્વાનોના પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવશે.

(૧૧) ઉપરોક્ત આયોજનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ફિલ્મ તથા ટેપ–રેકોર્ડેડ પ્રવચનોની સુરક્ષાની યોજના અગ્રસ્થાને છે. કારણ કે આજે પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં તેઓશ્રીના વિરહમાં ફિલ્મ દ્વારા સાક્ષાત્ દર્શન ને ટેપ દ્વારા સાક્ષાત્ શ્રવણનું તે એકમાત્ર સાધન છે. વળી જો આજે આપણને ભગવાન મહાવીરસ્વામી કે શ્રી કુંદકુંદાચાર્ય આદિના દર્શન કે શ્રવણનો ફિલ્મ–ટેપ દ્વારા લાભ મળે તો જે અવર્ણનીય આનંદ આપણને થાય તે

અવર્ણનીય આનંદ ભવિષ્યની પેઢીઓને પૂજ્ય ગુરુદેવશ્રીની આ ફિલ્મ અને ટેપ દ્વારા જ થનાર હોઈ ને તેની સુરક્ષાની યોજનાને અગ્રીમ સ્થાન અપાયું છે. તે અંગે ટેપ-રેકોર્ડેડ પ્રવચનની (૮૪૦૦ પ્રવચનોની) રીલને માટે જરૂરી ઉષ્ણતામાન જાળવી રાખવા એરકન્ડીશનરની તેમ જ વીજળી કાપને પહોંચી વળવા માટે જનરેટરની તાત્કાલીક ખરીદ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વળી અકસ્માતથી ટેપ-રીલની નુકશાનીથી શકયતાની સામે પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૪૦૦ પ્રવચનોની ૭૦૦ રીલોનો નવો સેટ તૈયાર કરીને તેને જુદા જુદા સુરક્ષિત સ્થળોએ રાખવામાં આવશે. આ યોજના-અંતર્ગત રૂપિયા ૨૦૦/ની એક રીલ માટે લગભગ ૨૦૦ રીલોની દાનરાશી મુમુક્ષુઓ દ્વારા ઉપલબ્ધ પણ થઈ ચૂકી છે. તદુપરાંત ટ્રસ્ટ દ્વારા મુમુક્ષુ-મંડળોને ભલામણ કરવામાં આવે છે કે જે જે મંડળોમાં નિયમિત સ્વાધ્યાય થતી હોય તે તે મંડળોએ પોતાની આર્થિક શક્તિ મુજબ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોના એક એક શાસ્ત્રનો સેટ વસાવીને સભામાં નિયમિત રીતે ટેપ-રેકોર્ડેડ પ્રવચનો વગાડવા, જેથી પૂજ્ય ગુરુદેવશ્રીના સદ્દુપદેશનો અસ્ખલિત પ્રવાહ પણ વહેતો રહે અને સુરક્ષાની દૃષ્ટિએ એટલા સેટો પણ વધારે તૈયાર થાય.

(૧૨) ઉપરોક્ત તેમ જ અન્ય યોજનાઓ ત્વરાથી કાર્યાન્વિત બને તે માટે ટ્રસ્ટીઓ તેમ જ અનેક ઉત્સાહી, કાર્યક્ષમ, નિષ્ણાત મુમુક્ષુભાઈઓની કેટલીક જુદી જુદી પેટા કમિટિઓની નિમણુંક કરવામાં આવી છે, દરેક કમીટીઓ પોતાના કાર્યક્ષેત્ર અનુસાર વ્યવસ્થિત આયોજન કરશે અને સમાજ થોડા જ વખતમાં તેના કાર્યોનું અવલોકન કરી શકશે.

## * સોનગઢમાં :—

સોનગઢમાં નિયમિત કાર્યક્રમ મુજબ સવારે જિનેન્દ્રપૂજા, ત્યારબાદ શ્રી સમયસાર શાસ્ત્રજી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૩ મી વખતના (૧૯૬૧ ના) પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું વાંચન, ત્યારબાદ જિનેન્દ્રભક્તિ અને સાંજે શ્રી કળશટીકા ઉપરના (૧૯૭૭ના) પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ—એ રીતે સ્વાધ્યાય-ભક્તિમાં મુમુક્ષુઓનો દિવસ પૂરો થાય છે. જોકે પૂજ્ય ગુરુદેવશ્રીની દિનચર્યા સાથે જેમનું જીવન વણાઈ ચૂકયું હતું એવા સોનગઢના મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરહ ક્ષણભર પણ વિસરી શકાય તેમ નથી, તોપણ આપણા માટે પૂજ્ય ગુરુદેવશ્રી જે ટેપરેકોર્ડેડ પ્રવચનોનો ખજાનો મૂકી ગયા છે તે પ્રવચનોનો સિંહનાદ સાંભળતાં જાણે પૂજ્ય ગુરુદેવશ્રી આપણી સમક્ષ પ્રત્યક્ષ બિરાજી રહ્યા હોય એવું લાગે છે.

### * ગ્રાહકોનું કર્તવ્ય :—

ગુજરાતી આત્મધર્મના લવાજમનું વર્ષ આ અંકે પૂરું થઈ રહ્યું છે. સર્વે ગ્રાહકોને વિનંતી છે કે જુલાઈ ૧૯૮૧ થી જૂન ૧૯૮૨ સુધીના એક વર્ષનું લવાજમ રૂપિયા નવ તુરત સંસ્થા ઉપર મોકલી આપીને વ્યવસ્થામાં સહાયરૂપ બને. લવાજમ મોડું મોકલવાથી વ્યવસ્થા ખર્ચ પણ વધે છે અને આગળના અંક સ્ટોકમાં ન હોય તો તે-તે માસના અંક

પણ ગ્રાહકોને મળી શકશે નહિ. માટે આ અંક મળતાં તુરત લવાજમ મોકલી આપવું.
મની.ઓર્ડર માટેઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પીન ૩૬૪ ૨૫૦

* દર વર્ષની માફક સોનગઢમાં તા. ૧૦–૮–૮૧ થી તા. ૨૪–૮–૮૧ સુધી ૧૫ દિવસ શિક્ષણ શિબિર રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

તા. ૧૭–૮–૮૧ ના રોજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૮ મી જન્મજયંતી ઉજવવામાં આવશે. તથા તે અરસામાં "પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મૃતિ મંદિર" (સમાધિ-મંદિર) ની શિલાન્યાસવિધિ કરવામાં આવશે.

## શ્રી દિ. જૈન પંચમેરુ–નંદીશ્વર જિનાલય અંગેઃ—

શ્રી નંદીશ્વર દ્વીપના બાવન જિનાલય તથા પંચમેરુના ૮૦ જિનાલય માટે દાનની રકમ અનુક્રમે અંજનગિરિના રૂા. ૨૦,૦૦૧/= દધિમુખના રૂા. ૧૦,૦૦૧/= રતીકરના રૂા. ૫,૦૦૧/= તથા પંચમેરુના એક જિનાલયના રૂા. ૩,૦૦૧/= રાખવામાં આવેલ, જેમાંથી અંજનગિરિ–૧, દધિમુખ–૪ તથા પંચમેરુના ૧૦ જિનાલયો સિવાયના બધા જ જિનાલયો નોંધાઈ ગયા છે.

—સુમનભાઈ રામજીભાઈ દોશી (ટ્રસ્ટી તથા જનરલ સેક્રેટરી)

## શિરડશહાપુર (મહારાષ્ટ્ર) માં શ્રી કાનજીસ્વામી સ્મારક ભવનઃ—

સમ્યગ્જ્ઞાનદીપિકાના રચયિતા શ્રી ધર્મદાસ ક્ષુલ્લકના ગુરુ ભટ્ટારક શ્રી દેવેન્દ્રકિર્તીની જ્ઞાનસાધના ભૂમિ શિરડશહાપુર (તા.–વસમત, જિ.–પરભણી, મહારાષ્ટ્ર) માં શ્રી કુંદકુંદ–કહાન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, શિરડશહાપુર દ્વારા શ્રી કાનજી સ્વામી સ્મારક ભવનનું નિર્માણ થઈ રહ્યું છે, જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રથમ પુણ્ય–તિથિના રોજ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## શ્રી કુંદકુંદ–કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પ્રવચન–રત્નાકર વિશેઃ-

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પ્રવચન–રત્નાકર પુસ્તકોની કિંમત ઘટાડવા માટે દાન દેનાર દાતાઓની જાણ માટે—

(૧) રૂપિયા ૨૦ હજાર દેનાર દાતાઓના સ્નેહીનો એક ફોટો ૫૦૦૦ કોપીમાં છાપવામાં આવશે તથા ૧૦૦ કોપી દાતારને ભેટ આપવામાં આવશે.

(૨) રૂપિયા ૧૦ હજાર દેનાર દાતાઓના સ્નેહીનો એક ફોટો ૨૫૦૦ કોપીમાં છાપવામાં આવશે તથા ૫૦ કોપી દાતારને ભેટ આપવામાં આવશે.

(૩) રૂપિયા ૫ હજાર દેનાર દાતાઓના સ્નેહીનો એક ફોટો ૧૨૫૦ કોપીમાં છાપવામાં આવશે તથા ૨૫ કોપી દાતારને ભેટ આપવામાં આવશે.

[ દૂજકા ચંદ્રમાં........પાના ૨૯થી ચાલુ ]
સાદિ અનંત કાલ અપને સિદ્ધત્વ મેં રહનેકા બલ હૈ. આપકે અસ્તિત્વ મેં જો વ્યક્ત રૂપસે સમતાકા સૌંદર્ય ચમક રહા થા, વહ તો જીવનકે સુરભિ કેન્દ્રસે મિલનકા જીવંત પ્રમાણ હી થા. આપને કેવલજ્ઞાનકો ભાવશ્રુતજ્ઞાનકે રૂપમેં સુરક્ષિત કરકે મુઝે મેરે એકત્વ નિશ્ચયકો પ્રાપ્ત સુંદર ચેહરેકા બોધ દિયા હૈ વહ આજ ભી આપકે વિરહકે દર્દકે સાથ ગુંજ રહા હૈ. દેવતાઓંસે પૂજ્ય વીતરાગ સર્વજ્ઞ પરમાત્માકો વન્દન કરકે ઇસ જન્મજયંતીકી મંગલમય બેલામેં શ્રદ્ધાકા ધવલ પુષ્પ આપકી સમર્પિત હૈં.

* * *

## વૈરાગ્ય સમાચાર:—

* અમરેલીવાળા (હાલ મુંબઈ) શ્રી નાનચંદ ભગવાનજી ખારાનો (વર્ષ ૯૧) દેહત્યાગ તા. ૧૮-૪-૮૧ના રોજ થયો છે. સ્વ૦ શ્રી નાનચંદભાઈ પ્રકૃતિએ ભદ્રપરિણામી તેમ જ સૌજન્યયુક્ત હતા. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેમને અપાર ભક્તિ હતી. ગુરુદેવનું સં. ૧૯૮૯માં ચોમાસુ કરાવીને મહેમાનોની સ્વાગતસરભરાનો તેમણે (તથા તેમના ભાઈઓએ) સારો લાભ લીધો હતો. સં. ૧૯૯૪માં પૂ. ગુરુદેવના નિવાસધામ—સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન કરી સારો ઉલ્લાસ વ્યક્ત કર્યો હતો. ટ્રસ્ટના પ્રારંભથી જ ઘણા વર્ષો સુધી તેઓ ટ્રસ્ટી હતા.

* સોનગઢવાળા શ્રી મલુકચંદ છોટાલાલ ઝોબાળિયા (વર્ષ ૮૨)નું દેહાવસાન તા. ૧-૫-૮૧ના રોજ મુંબઈમાં થયું છે. શ્રી મલુકચંદભાઈ પૂજ્ય ગુરુદેવના ઘણા જુના ભક્ત હતા. અમદાવાદ-મંડળના આરંભના વર્ષોમાં થોડો વખત તેઓ વાંચનકાર હતા. પૂ. ગુરુદેવશ્રીની સં. ૨૦૧૩ તેમ જ સં. ૨૦૧૫—એ બંને વિશાળ સંઘ સહિત યાત્રામાં રસોડાનું તંત્ર તેમણે સફળતાપૂર્વક ચલાવ્યું હતું. સોનગઢમાં ‘સમિતિ’નું કામ વર્ષો સુધી સંભાળ્યું હતું. જૈન વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટી તરીકે તેમણે વર્ષો સુધી સેવા આપી હતી.

* મુંબઈનિવાસી શ્રી રમણિકલાલ જેઠાલાલ શેઠ (તે શ્રી પં. ખીમચંદભાઈના નાના ભાઈ) (વર્ષ-૬૪) તા. ૨૧-૪-૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ મુંબઈના પ્રમુખપણે રહીને મુંબઈના મંડળોમાં ઉત્સાહથી અનેક પ્રભાવનાકાર્યો કર્યા હતા.

* નરોડાનિવાસી શ્રી ફકીરચંદભાઈ શીવલાલ (વર્ષ-૬૩) પોષ વદ અમાસના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી મીઠીબેન મગનલાલ ખાંધાર ( વર્ષ–૮૫ ) તા.–૪–૩–૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જૂનાગઢનિવાસી શ્રી વીરચંદ કરમચંદ દોશી ( વર્ષ–૮૪ ) તા. ૬–૩–૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી છબલબેન ઉજમશી દેસાઈ ( વર્ષ–૧૦૧ ) તા. ૨–૪–૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી શ્રી ધનજીભાઈ લહેરચંદ અજમેરા ( વર્ષ–૮૭ ) તા. ૨૯–૪–૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મલાડનિવાસી કમળાબેન અમૃતલાલ મેઘાણી ( વર્ષ–૬૮ ) તા. ૨–૫–૮૧ ના રોજ સ્વર્ગસાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી ફાલ્ગુની ચંદ્રકાંત શાહ ( વર્ષ–૧૦ ) તા. ૧૫–૫–૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે તેમણે પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૨મી જન્મ જયંતીમાં સોનગઢ આવીને ઉત્સાહથી લાભ લીધો હતો.

* વઢવાણનિવાસી પ્રભાવતીબેન ઉજમશી સોની ( વર્ષ ૪૮ ) તા. ૧૭–૫–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી મનુભાઈ ચીમનલાલ શ્રોફ ( વર્ષ ૬૨ ) વૈશાખ વદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ મુમુક્ષુઓને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશી પ્રવચનોનો લાભ લેવા માટે વારંવાર સોનગઢ આવતા હતા. તેઓ વીતરાગ ધર્મના શરણે આત્મોન્નત્તિ પામો એ જ ભાવના.

## પાઠશાળા અને જિનમંદિર માટે....

બાળકો માટેની પાઠશાળા અને જિનમંદિરનું રોજીંદુ કામ કરી શકે તેવા ઉત્સાહી જૈન યુવકની જરૂર છે. રહેવા માટેની સગવડ મળશે. અપેક્ષિત પગાર સાથે લખો :—

શ્રી દિગંબર જૈન સંઘ, પ્રતાપ રોડ, વાંકાનેર ( સૌરાષ્ટ્ર )

[ આગમ મહાસાગરનાં.......ટાઈટલ ૪ થી ચાલુ ]

* આત્મ–પ્રસંશા કરવાથી, જે ગુણુ પોતામાં નથી તે પ્રગટ થઈ જતો નથી. જેમ સ્ત્રીની માફક શૃંગાર હાવ ભાવ વિલાસ વિભ્રમ કરતો નપુંસક, નપુંસક જ છે. સ્ત્રીની માફક આચરણુ કરવાથી સ્ત્રી થઈ શકતો નથી–નપુંસક જ રહે છે. (ગાથા–૩૬૭)

* સજ્જન પુરુષનો એવો સ્વભાવ છે કે તેના વિદ્યમાન ગુણુની કોઈ પ્રસંશા કરે ત્યારે તે સજ્જન પુરુષ લજ્જા પામે છે. તો પોતે જ પોતાની પ્રસંશા કેવી રીતે કરે? ન જ કરે. (ગાથા–૩૬૮)

* ગુણુ રહિત પુરુષ પણુ જો સજ્જનોની મધ્યમાં પોતાની પ્રસંશા કરતો નથી તો સજ્જનોની મધ્યમાં તે ગુણુવાન ગણાય છે. કારણુ કે પોતાની પ્રસંશા ન કરવી એ જ પ્રગટ ગુણુ છે. (ગાથા–૩૬૯)

* વચન વડે પોતાના ગુણોનું વર્ણુન કરવું એ જ પોતાના ગુણુનો વિનાશ છે. તથા વચન વડે તો પોતાના ગુણ ન કહે પણ આચરણુ વડે પોતાના ગુણુ કહેવા તે ગુણોનું પ્રગટ કરવું જાણુવું. (ગાથા–૩૭૦)

* જે પુરુષ સજ્જનોમાં પોતાના ગુણુ વચન વડે કહેતો નથી પણુ આચરણુ વડે કહે છે તે પુરુષ આ જગતમાં પુરુષોમાં મુખ્ય બને છે. (ગાથા–૩૭૧)


* ગુણુવાન પુરુષોની મધ્યે ગુણુવાન પુરુષ પોતાના ગુણુ વચન વડે કહે છે તો તે લઘુ થઈ જાય છે. અને પોતાના ગુણુ વચન વડે જે કહેતો નથી તે નિર્ગુણુ હોય તોપણુ ગુણુવાન બને છે. (ગાથા–૩૭૨)

* ગુણુ સહિત પુરુષ ગુણુવંત પુરુષોની મધ્યે આચરણુ વડે ગુણુ પ્રસિદ્ધ કરતાં શોભે છે. વચન વડે પોતાની બડાઈ કરતાં શોભતા નથી. (ગાથા–૩૭૩)

❀ ❀ ❀

[ મુખપૃષ્ટના ફોટોગ્રાફર : સુરેશભાઈ એ. પારેખ, ઈમેજ ફોટોગ્રાફર્સ, વડોદરા. ]

ફોન નં. ૩૪ "આત્મધર્મ" Regd No. G. B. V. 10



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

આત્મ-પ્રસંશાથી જીવને કેટલું નુકશાન થાય છે તે વિષયમાં શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી કેટલીક ગાથાઓ મુમુક્ષુ જીવને ઉપયોગી જાણીને અહીં આપવામાં આવી છે.

* હે જીવ! પોતાની પ્રસંશાનો હંમેશા ત્યાગ કરો. પોતાની પ્રસંશા વડે પોતાના યશનો વિનાશ ન કરો. પોતાની પ્રસંશા કરવાવાળો પુરુષ લોકમાં તૃણવત તુચ્છતા પામે છે. (ગાથા-૩૬૪)

* જેમ ફટકડી વડે દૂધ ફાટી જાય છે તેમ વિદ્યમાન ગુણો પણ પોતાના મુખથી કહેવાથી નાશ પામે છે. જેનામાં કોઈ દોષ ન હોય પણ પોતાના મુખથી પોતાની પ્રસંશા કરવી તે જ સૌથી મોટો દોષ છે. પોતાના મુખથી પોતાની બડાઈ કરવા સમાન મોટો દોષ કોઈ નથી. (ગાથા-૩૬૫)

* પોતાની પ્રસંશા નહિ કરવાથી પોતાનો વિદ્યમાન ગુણ નષ્ટ થઈ જતો નથી. જેમ પોતાની પ્રસંશા નહિ કરતાં એવા સૂર્યનું તેજ જગતમાં પ્રસિદ્ધ છે. (ગાથા-૩૬૬)

[ અનુસંધાન ટાઈટલ પાના ૩ ઉપર ]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૨૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]